# રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER



આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો



Year : 15 | Issue : 442 | Dt. 28-09-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT


# કેદારનાથ યાત્રા પર ભૂસ્ખલન
# ૪ હજાર યાત્રિકો ફસાયા

## યુપીમાં વાવાઝોડું-વરસાદ, ૨૯નાં મોત; બિહારમાં પૂરને કારણે ૫૦૦ ઘર ડૂબ્યાં, કોસી-ગંડક નદી બે કાંઠે




નવી દિલ્હી, તા. ૨૭

ઉત્તરાખંડના રુદ્રપ્રયાગમાં કેદારનાથ યાત્રા માર્ગ પર ભૂસ્ખલન થયું છે. તેના કારણે આશરે ૪ હજાર શ્રદ્ધાળુઓ ફસાઈ ગયા છે. પહાડ પરથી સતત ભૂસ્ખલન થઈ રહ્યું છે, જેના કારણે માર્ગ ખોલવામાં મુશ્કેલી આવી રહી છે. ખરાબ હવામાનને ધ્યાનમાં રાખીને આજે કેદારનાથ યાત્રા પર રોક લગાવી દેવામાં આવી છે અને હેલી સેવાઓ પણ બંધ છે.

દેહરાદૂન, ટિહરી, હરિદ્વાર અને પૌડીમાં રેડ એલર્ટ, ઉત્તરકાશી, ચમોલી, નૈનીતાલ અને રુદ્રપ્રયાગમાં ઓરેન્જ એલર્ટ, જ્યારે બાગેશ્વર, અલ્મોડા, ચંપાવત, ઉધમ સિંહ નગર અને પિથોરાગઢમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ઉત્તર પ્રદેશના લખનઉ, કાનપુર, ઉન્નાવ, બારાબંકી, અયોધ્યા અને જૌનપુર સહિત ૪૫ શહેરોમાં ૬૫ કલાકથી વરસાદ પડી રહ્યો છે. ૩૦-૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. ૨૨ જિલ્લાઓમાં અચાનક પૂરનું જોખમ તોળાઈ રહ્યું છે. વાવાઝોડા અને વરસાદને કારણે ૨ દિવસમાં ૨૯ લોકોનાં મોત થઈ ચૂક્યાં છે. ખેડૂતોના સેંકડો વીઘા પાક બરબાદ થઈ ગયા છે. હજારો વૃક્ષો અને વીજળીના થાંભલા ઉખડીને પડી ગયા છે.

બિહારમાં ચક્રવાત અર્નબની અસર હવે નબળી પડી ગઈ છે. રાજ્યમાં છેલ્લા ૭૨ કલાકથી સતત વરસાદ થઈ રહ્યો છે. નેપાળના તરાઈ વિસ્તારમાં થઈ રહેલા વરસાદને કારણે ગંડક અને કોસી નદીઓમાં પૂર આવ્યું છે. તેના કારણે ૧૭ જિલ્લાઓનાં લગભગ ૬ હજાર ગામો ટાપુ બની ગયા છે, જ્યારે લગભગ ૫૦૦ ઘરો પૂરનાં પાણીથી ઘેરાઈ ગયાં છે. સુપૌલનાં ૫૦ ગામોમાં પૂરની સ્થિતિ યથાવત છે.

# વિજય સરકારે સ્વીકારી ભૂલ

## RTI એક્ટ ૨૦૦૫ના દાયરામાંથી મુક્ત રાખવાનો નિર્ણય પાછો ખેંચ્યો



નવી દિલ્હી, તા.૨૭

તમિલનાડુની સરકારે કાયદો અને વ્યવસ્થા સાથે સંકળાયેલા જાહેર વિભાગને માહિતી અધિકાર કાયદા એટલે કે RTI એક્ટ ૨૦૦૫ના દાયરામાંથી મુક્ત રાખવાનો પોતાનો અગાઉનો આદેશ પાછો ખેંચી લીધો છે. વિપક્ષ તરફથી થયેલી આકરી ટીકા અને ભારે વિરોધ બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

અગાઉ સરકારે દલીલ કરી હતી કે, આ એક ગુપ્તચર અને સુરક્ષા સાથે જોડાયેલી એજન્સી છે, તેથી તેને છૂટ આપવી જરૂરી હતી. જોકે હવે હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટના ૨૧ સપ્ટેમ્બર ૨૦૦૬ના સરકારી આદેશ (Ms.No 57) હેઠળ RTI એક્ટ ૨૦૦૫ની કલમ ૨૪(૪) મુજબ મળેલી છૂટને રદ કરવાની જાહેરાત સત્તાવાર રીતે કરી દેવામાં આવી છે.

પબ્લિક લો એન્ડ ઓર્ડર વિભાગ હેઠળ પોલીસ ફાયરિંગ, કસ્ટડીમાં મોત, પોલીસ દ્વારા થતો કથિત અત્યાચાર અને અન્ય સંવેદનશીલ કેસોના તપાસ અહેવાલોનો સમાવેશ થાય છે. અગાઉના સરકારી આદેશના કારણે સામાન્ય નાગરિકો આ પ્રકારના ગંભીર મામલાઓની માહિતી મેળવવાથી વંચિત રહી જાય તેવી સ્થિતિ સર્જાઈ હતી.

સરકારના મંત્રી સીટીઆર નિર્મલ કુમારે આ અંગે અગાઉ સ્પષ્ટતા કરી હતી કે, લો એન્ડ ઓર્ડર હેઠળ ૨૦ જેટલા સેક્શન આવેલા છે અને તેમાંથી માત્ર થોડાક સેક્શનને જ મુક્તિ આપવામાં આવી હતી જેથી સાંપ્રદાયિક વિવાદોની માહિતીનો દુરુપયોગ ન થાય. તેમણે એમ પણ ઉમેર્યું હતું કે જો સામાન્ય જનતા આ વ્યવસ્થાથી અસંતુષ્ટ હશે તો નિર્ણય પર પુનર્વિચાર કરવામાં આવશે.

### આદેશ ગેઝેટમાં પ્રકાશિત થતા જ વિપક્ષનો હોબાળો

આ સરકારી આદેશ ગેઝેટમાં પ્રકાશિત થયા બાદ રાજકીય સ્તરે મોટો હોબાળો મચી ગયો હતો. સીપીએમના સાંસદ વેંકટેશને ગંભીર આક્ષેપ કર્યો હતો કે આ પગલું તમિલનાડુને પોલીસ રાજ્ય બનાવવાનો સ્પષ્ટ પ્રયાસ છે અને સરકારે તેને તાત્કાલિક પાછો ખેંચવો જોઈએ.

# હુમલો કર્યો તો ભયંકર યુદ્ધ : ઈરાન

## અમારા હાર્ડવેર-સોફ્ટવેર તૈયાર : ઈરાનની અમેરિકાને ધમકી



નવી દિલ્હી, તા. ૨૭

ઈરાની સેનાએ અમેરિકા સામે મોટું નિવેદન કર્યુ છે. સેનાના પ્રવક્તા મોહમ્મદ અકરમિનિયાના મત અનુસાર અમેરિકા સારી સ્થિતિમાં નથી અને ઈરાન પહેલાં કરતાં વધુ મજબૂત અને સક્ષમ છે. જો અમેરિકા ફરી હુમલો કરશે તો વિસ્તારમાં વધુ મોટું યુદ્ધ છેડાઈ જશે. તેમના જણાવ્યા મુજબ, જો અમેરિકા ખરેખર મજબૂત સ્થિતિમાં હોત તો તે હાલની પરિસ્થિતિ બદલવાનો આટલો પ્રયાસ ન કરતું. તે યથાસ્થિતિથી સંતોષ અનુભવતું.

અકરમિનિયાનો દાવો છે કે વર્તમાન સ્થિતિ અમેરિકા માટે ન તો અનુકૂળ છે અને ન તો જરૂરી. તેથી તે કોઈ લશ્કરી કાર્યવાહી, આક્રમકતા કે હુમલાનો સહારો લઈ શકે છે. આ નિવેદન પ્રાદેશિક તણાવ વચ્ચે આવ્યું છે. ઈરાની પક્ષ વારંવાર અમેરિકી હાજરી અને તેની નીતિઓ પર સવાલો ઉઠાવતો રહ્યો છે. અકરમિનિયાએ સ્પષ્ટ કહ્યું કે, આજે ઈરાન પહેલાં કરતાં ક્યાંય વધુ તૈયાર છે. અકરમિનિયાએ ભારપૂર્વક કહ્યું કે, ઈરાન ૨૮ ફેબ્રુઆરીએ શરૂ થયેલા યુદ્ધ અને આક્રમકતાના સમયની સરખામણીમાં હવે વધુ સારી સ્થિતિમાં છે. નૈતિક બળ, પ્રેરણા, મનોવૈજ્ઞાનિક તૈયારી અને આત્મવિશ્વાસના મામલે સુધારો થયો છે.

હથિયારોના મામલે પણ પ્રગતિ થઈ છે. સેનાએ પોતાના હથિયારોને અપગ્રેડ કર્યા છે, નવી સિસ્ટમ્સને યુદ્ધ ક્રમમાં સામેલ કરી છે, અને તેની સાથે તાલિમ પણ લીધી છે. તેઓ હાર્ડવેર એટલે કે હથિયારો અને સોફ્ટવેર એટલે કે માનસિક તથા તાલિમ સંબંધિત તૈયારીઓ બંનેમાં શ્રેષ્ઠ છે. આ દાવો ઈરાનની લશ્કરી ક્ષમતા પર ભાર મૂકનારો છે. અકરમિનિયાએ ચેતવણી આપી કે, જો દુશ્મન ફરી કોઈ આક્રમકતા દાખવશે તો પ્રદેશમાં પહેલાં કરતાં વધુ યુદ્ધ, અસ્થિરતા અને હિંસા ફેલાઈ શકે છે. વિસ્તારના દેશોએ વધુ નુકસાન ભોગવવું પડશે.

ઈરાન લાંબા સમયથી પોતાની રક્ષણાત્મક તૈયારીઓ પર ભાર મૂકતું આવ્યું છે. આવા નિવેદનો અવારનવાર તણાવ વધવા પર આવે છે, અને બંને પક્ષોની સ્થિતિને રેખાંકિત કરે છે. અમેરિકાની પ્રાદેશિક નીતિ અને ઈરાનની પ્રતિક્રિયા વચ્ચે આ નિવેદન ચર્ચાનો વિષય બન્યું છે.

અકરમિનિયાના શબ્દોમાંથી બે સંદેશ નીકળે છે પ્રદેશમાં પહેલાંથી જ તણાવપૂર્ણ વાતાવરણ છે. આવા નિવેદનો કૂટનીતિક અને લશ્કરી બંને સ્તરે ચર્ચા વધારે છે. નિરીક્ષકો તેને સામાન્ય લશ્કરી નિવેદનબાજી માની શકે છે, અથવા તો વાસ્તવિક તૈયારીનો સંકેત.જોકે બીજી બાજુ સત્તાવાર અમેરિકી પ્રતિક્રિયા હજુ સ્પષ્ટ થઈ નથી. ઈરાની સેનાના પ્રવક્તાનું આ નિવેદન પ્રાદેશિક સુરક્ષાની નાજુક સ્થિતિને સ્પષ્ટ કરે છે. અમેરિકાની સ્થિતિને નબળી બતાવીને પોતાની શક્તિઓનો પણ દાવો કર્યો છે. જો કોઈ નવી કાર્યવાહી થશે તો નુકસાન મોટા પાયે થઈ શકે છે, એ ચેતવણી સ્પષ્ટ છે. હાલમાં બંને પક્ષો પોતપોતાની સ્થિતિ પુનરાવર્તિત કરી રહ્યા છે, અને વિસ્તારમાં અસ્થિરતા સર્જાયેલી છે. હવે આગળની પરિસ્થિતિ સંવાદ કે તણાવ વધવા પર નિર્ભર કરશે.

## સરકારે બનાવ્યા નવા નિયમો, મોબાઈલ રિચાર્જ કરાવનારાને મોટી રાહત

# ડેટા વગર મળશે વોઈસ SMS પ્લાન




નવી દિલ્હી, તા.૨૭

મોબાઈલ રિચાર્જ કરાવતા સામાન્ય ગ્રાહકો માટે કેન્દ્ર સરકારે એક મોટો અને રાહત આપનારો નિર્ણય લીધો છે. સરકારે ટેલીકોમ કન્ઝ્યુમર પ્રોટેક્શન રેગ્યુલેશન , ૨૦૨૬ રજૂ કર્યા છે. આ નવા નિયમો હેઠળ હવે પ્રીપેડ ગ્રાહકો માટે પૂરા ૩૦ દિવસની વેલિડિટીવાળા રિચાર્જ પ્લાન ઉપલબ્ધ કરાવવાની જોગવાઈ કરાઈ છે. આ ઉપરાંત જે લોકોને ઈન્ટરનેટ ડેટાની જરૂર નથી, તેમના માટે માત્ર Voice (કોલિંગ) અને જબજ વાળા સસ્તા પ્લાનનો વિકલ્પ પણ મળશે.

આ મહત્વપૂર્ણ ફેરફાર અંગે માહિતી આપતાં સાંસદ રાઘવ ચઢ્ઢાએ સોશિયલ મીડિયા પર જણાવ્યું કે, અત્યાર સુધી મોટાભાગની કંપનીઓ ૨૮ દિવસની વેલિડિટી આપતી હતી, જેના કારણે યુઝર્સે વર્ષમાં ૧૩ વખત રિચાર્જ કરાવવું પડતું હતું. પરંતુ હવે ૩૦ દિવસની વેલિડિટીવાળા પ્લાન આવવાથી ગ્રાહકોનું કામ વર્ષમાં માત્ર ૧૨ રિચાર્જમાં પૂરું થઈ જશે, જેનાથી સામાન્ય લોકોના પૈસાની સીધી બચત થશે.

આ નવા નિયમનો સૌથી મોટો ફાયદો એવા યુઝર્સને થશે જેમને મોબાઈલ પર ઈન્ટરનેટ ડેટાની જરૂર પડતી નથી. હવે તમામ ટેલિકોમ કંપનીઓએ માત્ર ટજ્ઞશભય અને SMS આધારિત પ્લાન ઓફર કરવા પડશે. ખાસ કરીને સાદો ફીચર ફોન વાપરતા વડીલો અને સામાન્ય લોકો કે જેઓ માત્ર વાતચીત અને મેસેજ માટે જ ફોન વાપરે છે, તેઓ પોતાની જરૂરિયાત અને બજેટ મુજબ ઓછી કિંમતનો પ્લાન પસંદ કરી શકશે.

સાંસદ રાઘવ ચઢ્ઢાએ અગાઉ ૧૧ માર્ચે સંસદમાં સામાન્ય નાગરિકોની રિચાર્જ સંબંધિત આ સમસ્યા ઉઠાવી હતી અને ગ્રાહકો માટે સસ્તા તથા વધુ વિકલ્પો ઉપલબ્ધ કરાવવાની માંગ કરી હતી. તેમણે આ નિર્ણય બદલ કેન્દ્ર સરકાર અને ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (TRAI)નો આભાર પણ વ્યક્ત કર્યો હતો.

TRAI દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, દરેક મોબાઈલ યુઝરને મોંઘા ડેટા બંડલ પ્લાનની જરૂર હોતી નથી, તેથી દરેક ગ્રાહકને પોતાની આર્થિક ક્ષમતા મુજબ પ્લાન પસંદ કરવાની સુવિધા મળવી જોઈએ. ૨૦૨૪માં બારમો સુધારો લાવ્યા બાદ પણ બજારમાં માત્ર કોલિંગ અને જબજ વાળા ટૂંકી મુદતના પ્લાનની અછત હતી અને મોટાભાગના પ્લાન લાંબી મુદતના હતા, જેના લીધે ગરીબ અને મધ્યમ વર્ગના ગ્રાહકો માટે વિકલ્પો સીમિત બની ગયા હતા. હવે આ તેરમા સુધારાથી ઓછી આવક ધરાવતા લોકો માટે ટૂંકી મુદતના અને સસ્તા રિચાર્જ પ્લાન સરળતાથી ઉપલબ્ધ બનશે.

# દેશવ્યાપી ત્રિદિવસીય બેંક હડતાલ મૌકુફ

## ૨૮ થી ૩૦ સપ્ટેમ્બરે બેન્કો બંધ નહીં રહે, હડતાળ પાછી ખેંચાઈ : રવિવારે પણ કામ કરાવ્યાનો કચવાટ

નવી દિલ્હી, તા.૨૭

દેશભરમાં ૨૮ સપ્ટેમ્બરથી યોજાનારી બેંક કર્મચારીઓની ૩ દિવસીય હડતાળ મોકૂફ રખાઈ છે. IBA અને UFBU વચ્ચે ૨૭ સપ્ટેમ્બરે સકારાત્મક સહમતિ સધાતા આ નિર્ણય લેવાયો. ૫-દિવસીય કાર્યસપ્તાહ અને શનિવારની રજાઓ માટે ઉચ્ચસ્તરીય સમિતિ રચાશે. આનાથી કરોડો ગ્રાહકોને રાહત મળશે અને બેંક સેવાઓ રાબેતા મુજબ ચાલુ રહેશે.

દેશભરમાં સોમવાર, ૨૮ સપ્ટેમ્બરથી શરૂ થનારી બેંક કર્મચારીઓની ત્રણ દિવસીય દેશવ્યાપી હડતાળ હાલ પૂરતી ટળી ગઈ છે. ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA) અને બેંક યુનિયનોના મુખ્ય સંગઠન યુનાઈટેડ ફોરમ ઑફ બેંક યુનિયન્સ (UFBU) વચ્ચે ૨૭ સપ્ટેમ્બરે યોજાયેલી મહત્વપૂર્ણ બેઠકમાં સકારાત્મક સહમતિ સધાતા યુનિયનોએ આંદોલન અને હડતાળ મોકૂફ રાખવાની સત્તાવાર જાહેરાત કરી છે. આ નિર્ણયથી દેશભરના કરોડો બેંક ગ્રાહકોને મોટી રાહત મળશે અને શાખાઓમાં રોકડ વ્યવહાર, ચેક ક્લિયરિંગ જેવી સેવાઓ સામાન્ય દિવસોની જેમ જ ચાલુ રહેશે.




### કરોડો ગ્રાહકોને થશે સીધો ફાયદો

અગાઉ ૨૮ થી ૩૦ સપ્ટેમ્બર સુધી ત્રણ દિવસ સુધી દેશવ્યાપી હડતાળ યોજાવાની હોવાથી શાખાઓમાં કેશ ડિપોઝિટ, વિડ્રોઅલ, ચેક ક્લિયરિંગ, ડીડી અને કેવાયસી (KYC) જેવા તમામ કાઉન્ટર કામકાજ ઠપ થઈ જવાની ભીતિ હતી. કેટલાક બેંકોએ તો ગ્રાહકોની સુવિધા માટે રવિવારે પણ શાખાઓ ખુલ્લી રાખવી પડી હતી. જોકે હવે હડતાળ મોકૂફ રહેતાં સોમવારથી તમામ સરકારી અને ખાનગી બેંકોની શાખાઓ રાબેતા મુજબ કાર્યરત રહેશે અને નાણાકીય વ્યવહારો અટકશે નહીં.

### શનિવારની રજાઓ અને અન્ય માંગણીઓ માટે બનશે ઉચ્ચસ્તરીય સમિતિ

યુનાઈટેડ ફોરમ ઑફ બેંક યુનિયન્સ દ્વારા સપ્તાહમાં ૫ દિવસના કામકાજનો નિયમ (5-Day Work Week) લાગુ કરવા અને મહિનાના બાકી રહેતા તમામ શનિવારોને રજા જાહેર કરવાની મુખ્ય માંગ સાથે આ હડતાળનું એલાન અપાયું હતું. હાલ બેંકોમાં માત્ર બીજા અને ચોથા શનિવારે જ રજા હોય છે. ૨૭ સપ્ટેમ્બરની બેઠકમાં એવો નિર્ણય લેવાયો છે કે, બાકીના શનિવારોને રજા જાહેર કરવાના મુદ્દે સર્વગ્રાહી ચર્ચા કરવા માટે IBA અને UFBUની એક સંયુક્ત ઉચ્ચસ્તરીય સમિતિ તાત્કાલિક ધોરણે રચાશે. આ સમિતિ તમામ ટેકનિકલ પાસાઓ અને હિતધારકોના મંતવ્યો ચકાસીને વહેલી તકે ઉકેલ લાવશે. આ ઉપરાંત, પરફોર્મન્સ લિન્ક્ડ ઈન્સેન્ટિવ (PLI) સ્કીમ હેઠળ સ્કેલ-IV અને તેનાથી ઉપરના અધિકારીઓના પ્રશ્નોને સરકાર સમક્ષ રજૂ કરીને આગળ વધારવા પર સહમતિ બની છે. સાથે જ, ૩ ઓગસ્ટ, ૨૦૨૪ ની અગાઉની બેઠકની મિનિટ્સમાં દર્શાવવામાં આવેલા પેન્શન અપડેશન સહિતના પેન્ડિંગ મુદ્દાઓ પર પણ બંને પક્ષો ઝડપથી વાટાઘાટો પૂર્ણ કરી ઉકેલ લાવવા સંમત થયા છે.

# મુન લાઈફ ફેમેલી વેલનેસ સ્પામાંથી કૂટણખાનુ ઝડપાયું

## એન્ટ્રી ફી તરીકે ૧૦૦૦ અને શરીર સંબંધ માટે વ્યક્તિદીઠ ૨૫૦૦ રૂપિયા વસુલાતા હતા : ૪ યુવતીને કરાવાઈ મુક્ત : મોબાઈલ મળી ૯ હજારનો મુદ્દામાલ કબજે કરતી AHTU

રાજકોટ, તા.૨૭

એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટની ટીમે રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં મવડી ચોક પાસે આવેલા રીધ્ધી સિધ્ધી કોમ્પ્લેક્ષના બીજા માળે કાર્યરત મુન લાઈફ ફેમેલી વેલનેસ સ્પાની અંદર સ્પા સંચાલકો દ્વારા યુવતીઓને રાખીને મસાજના નામે બહારથી ગ્રાહકો બોલાવીને દેહ વ્યાપારનો ગોરખધંધો ચલાવવામાં આવતો હોવાની સચોટ બાતમી પોલીસને મળી હતી.હકીકતની ખરાઈ કર્યા બાદ એએચટીયુની ટીમ દ્વારા એક ડમી ગ્રાહક તૈયાર કરીને મોકલવામાં આવ્યો હતો અને ત્યારબાદ બે પંચો બોલાવીને જરૂરી સૂચનાઓ આપીને આ સ્પામાં અચાનક દરોડો પાડવામાં આવ્યો હતો. જેમાં સ્પાની આડમાં ગેરકાયદેસર રીતે દેહવ્યાપારની પ્રવૃત્તિ ચાલતી હોવાનું પોલીસના ધ્યાનમાં આવ્યું હતું

આ સમગ્ર ગોરખધંધામાં ગ્રાહકો પાસેથી સ્પામાં એન્ટ્રી ફી તરીકે ૧૦૦૦ રૂપિયા રોકડા લેવામાં આવતા હતા અને ત્યારબાદ સ્પામાં આવતા ગ્રાહકો સાથે શરીર સંબંધ બાંધીને ગ્રાહક દીઠ ૨૫૦૦ રૂપિયા અલગથી એકસ્ટ્રા સર્વિસના નામે વસૂલવામાં આવતા હતા આમ આ શખ્સો પોતાના અંગત આર્થિક લાભ અને કમાણી માટે અન્ય મજબૂર યુવતીઓ પાસે દેહ વ્યાપારનો ધંધો કરાવીને મોટો આર્થિક ફાયદો ઉઠાવતા હતા પોલીસે આ સદરહુ સ્પા માંથી એક મોબાઈલ ફોન સહિત કુલ કિંમત ૯૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે







કર્યો છે અને ઘટનાસ્થળેથી દેહ વ્યાપારની ચુંગાલમાં ફસાયેલી ચાર યુવતીઓને હેમખેમ મુક્ત કરાવવામાં આવી છ.

આ શરમજનક ગુનામાં સંડોવાયેલા આરોપીઓ વિરુદ્ધ રાજકોટ શહેરના રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ધી ઈમોરલ ટ્રાફિકીંગ પ્રિવેન્સ એક્ટ ની કલમ ૩ અને ૪ તેમજ ૫ મુજબ વિધિવત રીતે ગુનો દાખલ કરાવીને કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે આ ગુનામાં ઝડપાયેલા મુખ્ય આરોપીમાં સંતકબીર રોડ પર પાંજરાપોળ પાસે સ્કુલ નંબર ૧૩ ની પાછળ રહેતા હર્ષ જયેન્દ્રભાઇ રાજદેવ, અને અન્ય બે આરોપીઓ ધ્રુવ જયેન્દ્રભાઇ રાજદેવ અને અલ્કાબેન કે જેઓ પણ રાજકોટના રહેવાસી છે તેઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

રાજકોટ શહેરમાં ચાલતા આ ગોરખધંધાનો પર્દાફાશ કરીને આ સઘન અને સફળ કામગીરી કરનાર પોલીસ ટીમમાં એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટના પીઆઈ પી.એન. પઢિયાર અને પીએસઆઈ એસ.પી ચૌહાણ અને એએસઆઈ અજયકુમાર શુક્લા તેમજ ધર્મેન્દ્રસિંહ જાડેજા અને સલીમભાઇ મકરાણી જોડાયા હતા આ ઉપરાંત હેડ કોન્સ્ટેબલ જીગ્નેશભાઇ રાયધનભાઇ મારૂ કોન્સ્ટેબલ હસમુખભાઇ બાલધા અને મહેશ ગણેશપ્રસાદ પ્રસાદ તેમજ જયોતિબેન શામજીભાઇ બાબરીયા અને ભુમિકાબેન ઠાકર સહિતના તમામ પોલીસ સ્ટાફના જવાનોએ જહેમત ઉઠાવી હતી.

# સાવધાન! ઊંઘવાની એક ભૂલ કેન્સરનું જોખમ વધારે

## લોકો ઘણીવાર ફોનને ઓશિકા પાસે રાખીને સૂઈ જાય છે : આદત સામાન્ય લાગે પરંતુ તે ભવિષ્યમાં કેન્સરનું જોખમ પણ વધારે



રાજકોટ, તા. ૨૭

કેન્સર એક એવો રોગ છે જેનું નામ જ લોકોમાં ડર પેદા કરે છે. લોકો ઘણીવાર ધારે છે કે ધૂમ્રપાન, દારૂ અને ખરાબ ખાવાની આદતો તેના માટે જવાબદાર છે. જો કે, આપણા રોજિંદા જીવનમાં પણ, આપણે ઘણીવાર નાની આદતોમાં વ્યસ્ત રહીએ છીએ જે ભવિષ્યમાં કેન્સરનું જોખમ વધારી શકે છે. પ્રખ્યાત કેન્સર ઉપચારક ડો. તરંગ કૃષ્ણ, એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા, આવી જ એક સામાન્ય આદત સમજાવે છે જે આજકાલ લગભગ દરેક વ્યક્તિ અનુસરી રહ્યા છે. સૂતી વખતે ફોનને ઓશિકા પાસે રાખવાની આદત છે. જો તમે રાત્રે તેનો ઉપયોગ કર્યા પછી પણ તેને તમારી સાથે રાખો છો, તો તમારે ચોક્કસપણે આ ડોક્ટરની ચેતવણી પર ધ્યાન આપવું જોઈએ. આજકાલ, મોટાભાગના લોકો તેમના ફોનને તેમના ઓશિકા પાસે રાખીને સૂઈ જાય છે. આ આદત સામાન્ય લાગે છે, પરંતુ તે ભવિષ્યમાં કેન્સરનું જોખમ વધારી શકે છે. વધુમાં, ઓશિકા પાસે ફોન રાખીને સૂવાથી મગજની ગાંઠનું જોખમ પણ વધી શકે છે.

ફોન વધુ માત્રામાં EMF રેડિયેશન ઉત્સર્જન કરે છે. વિશ્વ આરોગ્ય સંસ્થા અનુસાર, આ EMF રેડિયેશન ઉચ્ચ માત્રામાં કેન્સરનું કારણ બની શકે છે. તેમને મગજની ગાંઠ સાથે પણ જોડવામાં આવ્યા છે. ખાસ કરીને જ્યારે તમે સૂતી વખતે તમારો ફોન તમારી નજીક રાખો છો, ત્યારે આ સંપર્કમાં વધારો કરે છે, જે ભવિષ્યમાં કેન્સર તરફ દોરી શકે છે. કેન્સર નિષ્ણાતો કહે છે કે ફોન વાદળી પ્રકાશના સંકેતો પણ બહાર કાઢે છે. આ વાદળી પ્રકાશ તમારા મગજને અતિસક્રિય રાખે છે, જેના કારણે તમે કલાકો સુધી પથારીમાં રહ્યા પછી પણ ઊંઘી શકતા નથી. સારા સ્વાસ્થ્ય માટે પૂરતી અને ગાઢ ઊંઘ જરૂરી છે, પરંતુ ફોન આ અશક્ય બનાવે છે.

આજકાલ, મોટાભાગના લોકો સૂતા પહેલા તેમના ફોનમાં સ્ક્રોલ કરે છે. પછી, તેઓ સૂઈ જાય છે, પરંતુ તેઓ ઊંઘી શકતા નથી. ડોકટરો કહે છે કે મોટાભાગની ફોન એપ્લિકેશનો, ખાસ કરીને સોશિયલ મીડિયા એપ્લિકેશનો, તમારું ધ્યાન ભટકાવવા માટે બનાવવામાં આવી છે. આ માત્ર ધ્યાન ઘટાડે છે પણ ભવિષ્યમાં કેન્સરનું જોખમ પણ વધારે છે. ડોકટરો સૂતી વખતે તમારા ફોનને બેડરૂમથી દૂર રાખવાની ભલામણ કરે છે. તે જેટલું નજીક હશે, રેડિયેશનના સંપર્કમાં આવવાનું જોખમ એટલું જ વધારે છે. તેથી, સૂતા પહેલા તમારા ફોનને તમારા રૂમથી દૂર રાખો. સારી રાત્રે ઊંઘ મેળવવા માટે, સૂતા પહેલા ઓછામાં ઓછા એક કલાક પહેલાં તમારા ફોનનો ઉપયોગ બંધ કરો. તેના બદલે, તમે પુસ્તક વાંચી શકો છો, પરિવારના સભ્યો સાથે વાત કરી શકો છો અથવા ધ્યાન કરી શકો છો. આ તમારા મનને શાંત કરશે અને ગાઢ ઊંઘ તરફ દોરી જશે. જો તમે, મોટાભાગના લોકોની જેમ, સૂતી વખતે આ એક ભૂલ કરી રહ્યા છો, તો કેન્સરનું જોખમ નોંધપાત્ર રીતે વધી શકે છે. આ આદત આજકાલ ખૂબ સામાન્ય બની ગઈ છે. ચાલો જાણીએ કે ડોકટરોએ તમને શું ચેતવણી આપી છે.

### આજકાલ હૃદયરોગ અને હૃદયરોગ વધુને વધુ સામાન્ય બની રહ્યા

# પગમાં અસામાન્ય દુખાવો હાર્ટએટેક માટે આગમચેતી

## નબળા રક્ત પરિભ્રમણ અને ધમનીઓમાં અવરોધ પહેલા પગમાં દેખાઈ શકે

રાજકોટ, તા.૨૭

આજકાલ હૃદયરોગ અને હૃદયરોગ વધુને વધુ સામાન્ય બની રહ્યા છે. લોકો ઘણીવાર છાતીમાં દુખાવો હૃદયરોગ સમજી લે છે. જોકે, છાતીમાં દુખાવો હંમેશા હૃદયરોગનું લક્ષણ નથી. હૃદયરોગ કે હૃદયરોગના હુમલા પહેલા, પગ સહિત શરીરના અન્ય ઘણા ભાગોમાં છાતીમાં દુખાવો ઉપરાંત લક્ષણો દેખાય છે. હૃદયરોગના લક્ષણો પગમાં પણ દેખાય છે. ડોકટરો વધુમાં સમજાવે છે કે નબળા રક્ત પરિભ્રમણ અને ધમનીઓમાં અવરોધ પહેલા પગમાં દેખાઈ શકે છે. તેથી, જો તમને તમારા પગમાં કોઈ અસામાન્ય લક્ષણોનો અનુભવ થાય છે, તો તેમને અવગણશો નહીં. જો તમને હળવા ચાલવા છતાં પણ તમારા વાછરડા અથવા પગમાં દુખાવો, તાણ અથવા ખેંચાણનો અનુભવ થાય છે, જે આરામ કરવાથી સુધરે છે, તો આ પેરિફેરલ ધમની રોગ (PAD) ની નિશાની હોઈ શકે છે.

ડોકટરો કહે છે કે જો તમારા પગ અથવા



પગની ઘૂંટીઓ વારંવાર ફૂલી જાય, તમારા પગ કડક લાગે, અથવા તમારા પગ ભારે લાગે, તો તે નબળા હૃદયની પંપિંગ ક્ષમતાનો સંકેત હોઈ શકે છે. જ્યારે હૃદય યોગ્ય રીતે લોહી પંપ કરતું નથી, ત્યારે શરીરમાં પ્રવાહી એકઠું થાય છે, જેના કારણે પગમાં સોજો આવે છે. જો તમારા પગ ગરમ હવામાનમાં પણ સતત ઠંડા રહે છે, તો તે નબળા રક્ત પરિભ્રમણને કારણે હોઈ શકે છે. તેઓ કહે છે કે ધમનીઓ સાંકડી થવાથી પગમાં પૂરતા પ્રમાણમાં લોહીનો પ્રવાહ અટકે છે, જેના કારણે તેમને ઠંડીનો અનુભવ થઈ શકે છે.

કાર્ડિયોલોજિસ્ટ્સ કહે છે કે જો પગ પરની નાની ઈજા કે ઘા લાંબા સમય સુધી રૂઝાય નહીં, તો તે નબળા રક્ત પરિભ્રમણનો સંકેત હોઈ શકે છે. ડોકટરો માને છે કે આવા લક્ષણો હૃદય અને રક્ત વાહિનીઓ સંબંધિત સમસ્યાઓ તરફ ઈશારો કરી શકે છે. ડોકટરો કહે છે કે કેટલાક લોકો રાત્રે પગમાં બળતરા, નિષ્ક્રિયતા આવે છે અથવા ઝણઝણાટ અનુભવે છે. આ વિવિધ કારણોસર હોઈ શકે છે, પરંતુ કેટલાક કિસ્સાઓમાં, તે નબળા રક્ત પરિભ્રમણ અને હૃદય રોગ સાથે જોડાયેલું છે.

અણધાર્યો પરસેવો એ હૃદયરોગના હુમલાના મુખ્ય લક્ષણોમાંનું એક છે જેને અવગણવું જોઈએ નહીં. ઠંડા પરસેવા તરીકે પણ ઓળખાય છે, તે કોઈ દેખીતા કારણ વગર થઈ શકે છે અને ત્વચાને ભીની બનાવી શકે છે. ઠંડા પરસેવાથી અસ્વસ્થતા થઈ શકે છે, અને જ્યારે હૃદયરોગના અન્ય લક્ષણો સાથે હોય, ત્યારે તેમને તબીબી સહાયની જરૂર હોય છે. જો તમને છાતીમાં દુખાવાની સાથે અસામાન્ય ઠંડા પરસેવો પણ અનુભવાય છે, તો શક્ય તેટલી વહેલી તકે તબીબી સહાય મેળવો.

# વૃદ્ધાનો ગળેફાંસો ખાઈ આપઘાત

## અકળ કારણોસર ભરેલા પગલાની તપાસ શરુ કરતી પોલીસ

રાજકોટ, તા.૨૭

રાજકોટ શહેરના ભક્તિનગર પોલીસ સ્ટેશનની હદમાં આવતા હરિધવા માર્ગ પર સુભાષનગર શેરી નંબર ૦૫ ના કોર્નર પર રહેતા એક ૭૦ વર્ષીય વૃદ્ધાએ અગમ્ય કારણોસર પોતાના જ ઘરમાં ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધું છે આ બનાવની જાણ નંદા હોલ ચોક ૧૧૨ ના ઈન્ચાર્જ પોલીસ હેડ કોન્સ્ટેબલ બિંદાબેન બાબુભાઈએ ફોન મારફતે પોલીસ સ્ટેશનમાં કરી હતી ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ અકસ્માતે મોત નંબર ૬૦ વર્ષ ૨૦૨૬ ની નોંધ મુજબ મરણ જનાર વૃદ્ધાનું નામ સરોજબેન સાગરદાસ ટીલાવત છે જેમની ઉંમર ૭૦ વર્ષની હતી સરોજબેને તારીખ ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ સવારના છએક વાગ્યાની આસપાસ પોતાના જ ઘરે કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ લીધો હતો બનાવની જાણ થતાં ૧૦૮ ની ઈ એમ ટી શ્રદ્ધાબેન ગોહેલ



ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને તપાસ કર્યા બાદ સરોજબેનને સવારે ૦૮ અને ૫૪ વાગ્યે મૃત જાહેર કર્યા હતા ત્યારબાદ પોલીસને સવારે ૦૯ અને ૩૦ વાગ્યે આ બનાવ અંગે વિધિવત જાણ કરવામાં આવી હતી

આ સમગ્ર ઘટનાની વધુ તપાસ ભક્તિનગર પોલીસ સ્ટેશનના તપાસ અધિકારી હેડ કોન્સ્ટેબલ રવિરાજસિંહ નરેન્દ્રસિંહ ચલાવી રહ્યા છે તપાસ અધિકારી હેડ કોન્સ્ટેબલ રવિરાજસિંહના જણાવ્યા મુજબ મરણ જનાર સરોજબેને ક્યા કારણોસર આ અંતિમ પગલું ભર્યું છે તે હજુ સુધી જાણી શકાયું નથી પરંતુ તેમના પારિવારિક જીવનની વાત કરીએ તો મૃતક વૃદ્ધાને સંતાનમાં બે દીકરા અને એક દીકરી છે જેમાં એક દીકરો તેમનાથી અલગ રહે છે અને એક દીકરો મૃતક સાથે જ રહે છે બનાવના દિવસે ઉપરના માળેથી પુત્રવધુએ નીચે આવીને દરવાજો ખખડાવ્યો હતો પરંતુ વૃદ્ધાએ દરવાજો ખોલ્યો નહિ એટલે પુત્રવધુને ચિંતા થઈ હતી અને તેણે તરત જ એના પતિને ફોન કરીને જાણ કરી હતી કે બા દરવાજો ખોલતા નથી આ સાંભળીને પુત્ર તરત જ પોતાના કામ ઉપરથી ઘરે દોડી આવ્યો હતો અને દરવાજો તોડીને અંદર પ્રવેશ કર્યો હતો ઘરમાં પ્રવેશતા જ પોતાની જનેતાને છતના પંખે લટકતા જોતા પુત્ર અને પરિવારના પગ તળેથી ધરતી સરકી ગઈ હતી હાલ પોલીસ દ્વારા આ મામલે વધુ સઘન તપાસ હાથ ધરવામાં આવી છે

# નાના બાળકોમાં મોબાઈલ સ્કિન સ્વાસ્થ્ય સંકટનું કારણ

## મોબાઈલ સ્ક્રીન અને ખોટી ખાવાની આદતોને કારણે, નાની ઉંમરે પણ ઘણી સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓનું જોખમ વધી જાય છે



રાજકોટ, તા. ૨૭

સ્માર્ટફોન, ટેબ્લેટ અને ટીવી આજે બાળકોના શિક્ષણ અને મનોરંજનનો એક મહત્વપૂર્ણ ભાગ બની ગયા છે. જોકે, જ્યારે સ્ક્રીનનો ઉપયોગ વધુ પડતો થઈ જાય છે અને બાળકો તેમના ફોન પર કલાકો વિતાવે છે, ત્યારે તેમની દૈનિક જીવનશૈલી પર અસર થવા લાગે છે. રમત, બહારની પ્રવૃત્તિઓ, પૂરતી ઊંઘ અને કૌટુંબિક ક્રિયાપ્રતિક્રિયામાં ઘટાડો સ્વાસ્થ્યને અસર કરી શકે છે. તાજેતરના સંશોધનોએ વધુ પડતો સ્ક્રીન સમય આંખની સમસ્યાઓ, ઊંઘમાં ખલેલ, માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ અને વજનમાં વધારો સાથે જોડ્યો છે. ઘણા અભ્યાસોમાં જાણવા મળ્યું છે કે વધુ પડતો સ્ક્રીન સમય બાળકોમાં ચોક્કસ રોગોનું જોખમ વધારી શકે છે. ચાલો આ રોગોનું અન્વેષણ કરીએ.

બાળકોમાં વધુ પડતો સ્ક્રીન સમય તેમની આંખો પર સૌથી વધુ અસર કરી શકે છે. મોબાઈલ ફોન અથવા ટેબ્લેટને લાંબા સમય સુધી નજીકથી જોવાથી બાળકોની સતત નજીકની દૃષ્ટિ વધે છે. વધુમાં, સ્ક્રીન સમય બહારની પ્રવૃત્તિ અને કુદરતી પ્રકાશમાં વિતાવેલા સમયને ઘટાડી શકે છે. ૪૫ અભ્યાસો અને ૩૩૫,૦૦૦ થી વધુ લોકોના ડેટાનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. ડિજિટલ સ્ક્રીન સમયના દરેક વધારાના કલાકથી માયોપિયાનું જોખમ વધે છે. તેથી, માતાપિતા તરીકે, તમારે તમારા બાળકના સ્ક્રીન ઉપયોગથી નિયમિત વિરામ લેવો જોઈએ અને તેમને દરરોજ થોડો સમય બહાર રમવાની મંજૂરી આપવી જોઈએ. જો તમારું બાળક દૂરની વસ્તુઓ જોવા માટે આંખો મીંચે છે, બ્લેકબોર્ડ જોવામાં મુશ્કેલી અનુભવે છે, અથવા વારંવાર વસ્તુઓને નજીકથી જુએ છે, તો આંખના નિષ્ણાતની સલાહ લેવી મહત્વપૂર્ણ છે.

રાત્રે લાંબા સમય સુધી સ્માર્ટફોનનો ઉપયોગ બાળકની ઊંઘ પર અસર કરી શકે છે. વિડિઓઝ જોવા, રમતો રમવા અથવા સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવાથી સૂવાનો સમય મોડો થઈ શકે છે. આનાથી બાળક સૂઈ શકે છે અને બીજા દિવસે પૂરતો આરામ મેળવી શકતો નથી. ૨૦૨૬ માં ઉંઅખઅ ક્યમશર્ફાંશિભત માં પ્રકાશિત એક વ્યવસ્થિત સમીક્ષા અને મેટા-વિશ્લેષણમાં બાળકો અને કિશોરોમાં દૈનિક સ્ક્રીન ઉપયોગ અને મોડા સૂવાના સમય વચ્ચે એક નાનો પણ મહત્વપૂર્ણ સંબંધ જોવા મળ્યો. સ્ક્રીનનો ઉપયોગ, ખાસ કરીને સૂવાના સમય પછી, ઊંઘની ગુણવત્તા સાથે વધુ નકારાત્મક સંબંધ સાથે સંકળાયેલો હતો. આ બીજા દિવસે બાળકના વર્તન, શીખવાની અને પ્રવૃત્તિના સ્તરને પણ અસર કરી શકે છે. જો તમારું બાળક મોડી રાત્રે મોબાઈલ ફોન માંગે છે, સવારે જાગવામાં મુશ્કેલી અનુભવે છે, અથવા દિવસભર સુસ્ત રહે છે, તો માતાપિતાએ તાત્કાલિક તેમના રાત્રિના સ્ક્રીન સમયની દિનચર્યા પર ધ્યાન આપવું જોઈએ.

વધુ પડતો સ્ક્રીન સમય બાળકોના માનસિક સ્વાસ્થ્ય વિશે પણ ચિંતાઓ ઉભી કરી રહ્યો છે. ૨૦૨૬ માં પ્રકાશિત એક વ્યવસ્થિત સમીક્ષામાં ૫૨ અભ્યાસોનો સમાવેશ થતો હતો. તેમાં જાણવા મળ્યું કે વધુ પડતો સ્ક્રીન સમય અઉઇઉ લક્ષણો, ચિંતા, હતાશા, મૂડ સમસ્યાઓ, ઓછું આત્મસન્માન, સામાજિક-ભાવનાત્મક મુશ્કેલીઓ અને ઊંઘની સમસ્યાઓ સાથે સંકળાયેલો હતો.

## રાજકોટની સિવિલ હોસ્પિટલ ફરી એકવાર ગંભીર-શરમનાક વિવાદના વંટોળમાં સપડાઈ

# સિવિલમાં દર્દીઓના આરોગ્ય સાથે ખિલવાડ

### અન્નક્ષેત્રમાં આહારના નામે પીરસાઈ રહ્યું છે અસ્વચ્છ ભોજન, વાયરલ વીડિયોએ સિવિલ પ્રશાસનની પોલ ખોલી

રાજકોટ, તા. ૨૭

રાજકોટની સરકારી સિવિલ હોસ્પિટલ ફરી એકવાર ગંભીર અને શરમનાક વિવાદના વંટોળમાં સપડાઈ છે. સૌરાષ્ટ્રભરમાંથી દરરોજ હજારો ગરીબ અને મધ્યમવર્ગીય દર્દીઓ જ્યાં પોતાની જિંદગીની આશા લઈને સારવાર અર્થે આવે છે, ત્યાં જ તેમના સ્વાસ્થ્ય સાથે ક્રૂર મજાક થઈ રહી હોવાનો સનસનાટીભર્યો કિસ્સો સામે આવ્યો છે. હોસ્પિટલ તંત્ર દ્વારા દર્દીઓને રોજિંદા ધોરણે પૂરા પાડવામાં આવતા ભોજનની થાળીમાંથી જીવાત નીકળતા સમગ્ર આરોગ્ય આલમમાં ચકચાર મચી ગઈ છે. જમવાની થાળીમાં જીવાત તરતી હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ હોસ્પિટલ પ્રશાસનની બેદરકારી સામે દર્દીઓના સગા-સંબંધીઓ અને સ્થાનિક લોકોમાં ભારે રોષની લાગણી ફાટી નીકળી છે.

આ સમગ્ર ઘટનાનો વીડિયો વાયરલ થતાં જ અનેક ગંભીર સવાલો ઊભા થયા છે. શારીરિક રીતે નબળા અને ગંભીર બીમારીઓથી પીડાતા દર્દીઓને જ્યાં અત્યંત પૌષ્ટિક અને શુદ્ધ આહારની જરૂર હોય છે, ત્યાં તંત્ર દ્વારા અસ્વચ્છ અને જીવાતવાળું ભોજન પીરસીને તેમના જીવન સાથે ખુલ્લેઆમ ખિલવાડ કરવામાં આવી રહ્યો છે. શું હોસ્પિટલ પ્રશાસન દર્દીઓને સાજા કરવા માંગે છે કે પછી વધુ બીમાર? ખોરાકની ગુણવત્તા ચકાસવાની પ્રાથમિક જવાબદારી જે અધિકારીઓની છે, તેઓ અત્યાર સુધી કઈ ઘોર નિંદ્રામાં હતા તે પણ એક મોટો પ્રશ્ન બની ગયો છે.

અત્રે નોંધનીય છે કે રાજકોટ સિવિલ હોસ્પિટલ માટે આવા વિવાદો કંઈ નવા નથી. ભૂતકાળમાં પણ દર્દીઓની સારવારમાં અણઘડપણું, દવાનો અભાવ, સફાઈના નામે મીંડું અને સુવિધાઓની કમ્પ્લેન જેવા અનેક મુદ્દે



સિવિલ હોસ્પિટલ વિવાદોના કેન્દ્રસ્થાને રહી ચૂકી છે. વારંવાર સપાટી પર આવતી આવી ગંભીર બેદરકારીઓ સ્પષ્ટપણે દર્શાવે છે કે ઉચ્ચ અધિકારીઓને ગરીબ દર્દીઓના જીવની કોઈ જ કિંમત નથી અને સમગ્ર સિસ્ટમમાં મોટો સડો વ્યાપી ગયો છે.

જોકે, આ સમગ્ર વિવાદ સામે આવ્યા બાદ હોસ્પિટલ તંત્રનું વલણ વધુ શંકાસ્પદ જણાઈ રહ્યું છે. ઘટનાનો વીડિયો વાયરલ થતાં જ અને મામલો ગરમાતાં પ્રશાસન તાબડતોબ હરકતમાં આવ્યું હતું. ચોંકાવનારી બાબત એ છે કે વીડિયો સામે આવ્યાના ગણતરીના સમયમાં જ હોસ્પિટલના રસોડામાં આશ્ચર્યજનક રીતે એકાએક ભારે ચોખ્ખાઈ જોવા મળી રહી છે. જેથી હવે એવો પણ સવાલ ઉઠી રહ્યો છે કે શું આ માત્ર પોતાની ચામડી બચાવવાનો અને પુરાવાઓ પર પડદો પાડવાનો આખરી પ્રયાસ છે? જો રસોડું અત્યારે આટલું ચકાચક અને સાફ-સુધરું છે, તો પછી દર્દીની થાળી સુધી જીવાત પહોંચી કેવી રીતે?

માત્ર મીડિયા અને જનતાના આક્રોશથી બચવા માટે રસોડાને ક્ષણભર માટે સાફ કરી દેવાથી કે બનાવટી ચોખ્ખાઈ બતાવવાથી હોસ્પિટલ તંત્રના પાપ ધોવાઈ જવાના નથી. આ ઘટના એ માત્ર ખોરાકની ગુણવત્તાનો જ નહીં પરંતુ ગરીબ દર્દીઓના માનવ અધિકાર અને આરોગ્યની સુરક્ષાનો વિષય છે. સ્થાનિકો અને દર્દીઓના સ્વજનોની આકરા શબ્દોમાં માંગણી છે કે આ મામલે કોઈ પણ પ્રકારનું ઈશારાપાત્ર ઢાંકપિછોડો કર્યા વિના તટસ્થ તપાસ કરવામાં આવે અને ભોજનનો કોન્ટ્રાક્ટ ધરાવનાર તેમજ જવાબદાર અધિકારીઓ સામે કડકમાં કડક શિક્ષાત્મક પગલાં લેવામાં આવે, જેથી ભવિષ્યમાં કોઈ દર્દીના થાળીમાં આવું અન્ન પીરસવાની કોઈ હિંમત ન કરે.

# ચંદ્રસિંહજી (ભાડવા) સ્ટડી સર્કલ દ્વારા વિદ્યા પુરસ્કાર સમારોહ

### શિક્ષણ રાજ્ય મંત્રી, મહેસુલ રાજ્યમત્રી રહ્યા હાજર : ૫૦૦થી વધુ દીકરા-દીકરીઓ સન્માનિત




રાજકોટ, તા. ૨૮

રાજકોટના હેમુ ગઢવી હોલ ખાતે ચંદ્રસિંહજી (ભાડવા) સ્ટડી સર્કલ દ્વારા ૫૨મા વાર્ષિક વિદ્યા પુરસ્કાર વિતરણ સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજા તેમજ મહેસૂલ રાજ્યમંત્રી સંજયસિંહ મહિડાની ખાસ ઉપસ્થિતિમાં યોજાયેલા આ સન્માન સમારોહમાં શિક્ષણ, રમત-ગમત અને સરકારી નોકરી ક્ષેત્રે ઉત્કૃષ્ટ સિદ્ધિ હાંસલ કરનારા ૫૦૦થી વધુ તેજસ્વી દીકરા-દીકરીઓને એવોર્ડ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજાએ ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને વાલીઓને સંબોધતા જણાવ્યું હતું કે સાચું શિક્ષણ માત્ર ડિગ્રી કે અક્ષરજ્ઞાન પૂરતું સીમિત નથી, પરંતુ તે વિદ્યાર્થીમાં વિનય, પવિત્રતા અને સુગ્રથિત સમાજ નિર્માણની પાત્રતા કેળવે છે. તેમણે ફેસબુકના સ્થાપક માર્ક ઝકરબર્ગનું ઉદાહરણ આપતાં ઉમેર્યું હતું કે માત્ર એક વિચાર અને તેનું યોગ્ય અમલીકરણ આખા વિશ્વમાં પરિવર્તન લાવી શકે છે. ક્ષત્રિય સમાજના ગૌરવશાળી ઈતિહાસ અને શિક્ષણમાં માતૃશક્તિના યોગદાનને બિરદાવતાં તેમણે જણાવ્યું કે ગુજરાત આજે સેમિકન્ડક્ટર, બુલેટ ટ્રેન, સોલાર પાવર અને મરીન યુનિવર્સિટી જેવા પ્રોજેક્ટ્સ સાથે ઝડપથી આગળ વધી રહ્યું છે, ત્યારે યુવાધને સિવિલ સર્વિસિસ અને ઉદ્યોગ સાહસિકતા જેવા ક્ષેત્રોમાં લક્ષ્ય નિર્ધારિત કરીને આગળ વધવું અનિવાર્ય છે.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન રાજ્યમંત્રી સંજયસિંહ મહિડાએ વિદ્યાર્થીઓની આ સફળતા પાછળ તેમના માતા-પિતાના ત્યાગ અને આશીર્વાદને વંદનીય ગણાવ્યા હતા. તેમણે ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજી, જામસાહેબ દિગ્વિજયસિંહજી અને ક્રિકેટર જામ રણજીતસિંહજીના ઐતિહાસિક યોગદાનને યાદ કરીને ૨૧મી સદીને જ્ઞાન અને કૌશલ્યની સદી ગણાવી હતી. મંત્રીશ્રીએ યુવાનોને માત્ર નોકરી શોધનાર બનવાને બદલે 'જોબ ક્રિએટર' બની અન્ય લોકોને નોકરી આપનાર બનવા આહ્વાન કર્યું હતું. આ સાથે તેમણે સ્માર્ટફોનનો ઉપયોગ જ્ઞાનવર્ધન માટે કરવા, નિષ્ફળતાથી ડર્યા વિના સતત પ્રયત્નશીલ રહેવા અને દીકરા-દીકરી વચ્ચે ભેદભાવ રાખ્યા વિના દીકરીઓને પણ ઉચ્ચ શિક્ષણ આપવા વાલીઓને અપીલ કરી હતી. મંત્રીશ્રીએ 'મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ', 'નમો લક્ષ્મી' અને 'નમો સરસ્વતી' જેવી રાજ્ય સરકારની વિદ્યાર્થી ઉત્કર્ષલક્ષી યોજનાઓની સરાહના કરી હતી. આ સમારોહમાં શ્રી માંધાતાસિંહજી સહિત સમાજના શ્રેષ્ઠીઓ, આગેવાનો, શિક્ષાવિદો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સૌરાષ્ટ્ર-કચ્છ પર મેઘરાજા ક્યારે થશે મહેરબાન..?

### ૨૨% ની ખાધ વચ્ચે ૩૦ સપ્ટેમ્બરથી નવી આશા : રાહતના રૂપે નવી આગાહી

રાજકોટ, તા. ૨૭

ચોમાસાની વિદાયની ઘડીઓ ગણાતી હોય ત્યારે જ ગુજરાતના હવામાન વિભાગ તરફથી આવેલા એક સમાચારથી ખેડૂતો અને સામાન્ય જનતામાં એક નવી આશાનું કિરણ પ્રગટ્યું છે. ચાલુ વર્ષે વરસાદની મોસમમાં સૌરાષ્ટ્ર અને કચ્છ પ્રદેશ પર કુદરત કંઈક અંશે રુઠેલી જોવા મળી છે. રાજ્યના અન્ય પ્રદેશોની સરખામણીએ આ વિસ્તાર પાણીની આકરી તંગી અનુભવી રહ્યો છે. અત્યાર સુધીના સત્તાવાર આંકડાઓ પર નજર કરીએ તો સૌરાષ્ટ્ર અને કચ્છમાં ૨૨ ટકા જેટલી મોટી વરસાદી ખાધ નોંધાઈ ચૂકી છે, જેના કારણે ખેતરોમાં ઊભા પાક પર અને જળાશયોની સપાટી પર ગંભીર અસરો જોવા મળી રહી છે. આ પરિસ્થિતિ વચ્ચે હવામાન વિભાગે આપેલી નવી આગાહી મુજબ, આગામી ૩૦ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર દરમિયાન આ જ વિસ્તારમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં કે ચોમાસી માહોલ જોવા મળી શકે છે. જો આ આગાહી સાર્થક ઠરે, તો કોરીધાકોર બનેલી ધરતીને અને ચિંતાતુર ખેડૂતોને ખૂબ મોટો આશરો મળી રહે તેમ છે.



હવામાન વિભાગના સીનિયર વૈજ્ઞાનિક રામાશ્રય યાદવના જણાવ્યા મુજબ, ઉત્તર-પશ્ચિમ ભારતમાં સક્રિય થઈ રહેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વાતાવરણમાં આ મહત્વપૂર્ણ પલટો આવી રહ્યો છે. સામાન્ય રીતે ચોમાસાના પાછલા તબક્કામાં જો આવા ડિસ્ટર્બન્સ સક્રિય થાય તો તે ચોક્કસ પ્રદેશોમાં પૂરતો ભેજ ખેંચી લાવે છે, જે વરસાદ લાવવામાં નિમિત્ત બને છે. નવી સિસ્ટમ ગોઠવાવાને કારણે સૌરાષ્ટ્ર અને કચ્છના મોટાભાગના વિસ્તારોમાં ૩૦ સપ્ટેમ્બરથી ઓક્ટોબરના પ્રારંભિક દિવસોમાં મેઘમહેર થવાની પૂરી સંભાવના છે. જ્યારે આ સિવાયના ગુજરાતના અન્ય વિસ્તારો માટે આગામી સાત દિવસ દરમિયાન હવામાન મોટે ભાગે સૂકું કે પછી છૂટાછવાયા હળવા ઝાપટાં પૂરતું જ મર્યાદિત રહેવાનો અંદાજ લગાવવામાં આવ્યો છે. આથી જ સમગ્ર રાજ્યના નકશામાં હાલના તબક્કે સૌરાષ્ટ્ર અને કચ્છનો પટ્ટો સૌથી વધુ સંવેદનશીલ અને મહત્વનો બની ગયો છે.

માત્ર સૌરાષ્ટ્ર-કચ્છ જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાતનું સર્વગ્રાહી ચિત્ર જોઈએ તો અહીં પણ ચોમાસાની સરેરાશમાં મોટી ઘટ જોવા મળી રહી છે. સામાન્ય સંજોગોમાં મોસમ દરમિયાન રાજ્યમાં અત્યાર સુધીમાં સરેરાશ ૭૦૧ મિલીમીટર વરસાદ નોંધાવો જોઈતો હતો, પરંતુ તેની સામે વાસ્તવમાં માત્ર ૬૩૭ મિલીમીટર જ વરસાદ થઈ શક્યો છે. આ હિસાબે આખા રાજ્ય સ્તરે પણ અત્યાર સુધીમાં ૯ ટકા વરસાદી ખેંચ નોંધાઈ છે. આ ઓછી વરસાદી ટકાવારીના કારણે જ આગામી દિવસોની આગાહી અત્યંત નિર્ણાયક બની રહેવાની છે. જો આગામી બે-ત્રણ દિવસ દરમિયાન વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ધાર્યા મુજબની અસર બતાવે, તો જમીનમાં પૂરતો ભેજ જળવાઈ રહેશે અને શિયાળુ પાકના આગોતરા આયોજનમાં પણ ધરતીપુત્રોને મોટો ટેકો મળી રહેશે. હવે આ કાગળ પરની આગાહી જમીન પર કેટલી સફળ થાય છે અને મેઘરાજા વાસ્તવમાં કેટલું વરસે છે, તેના પર જ આખી આશાનો દારૂમદાર ટકેલો છે.

## રાજકોટમાં આ વર્ષે માત્ર ૪૯૦ મીમી વરસાદ : ૨૦૧૯માં વરસ્યો'તો માત્ર ૪૭૨ મીમી

# દાયકાનો સૌથી સૂકો મેઘરાઉન્ડ

### ઈસ્ટ ઝોનમાં સ્થિતિ ગંભીર, ઉનાળામાં નર્મદા નીર જ બનશે આસરો



રાજકોટ, તા. ૨૭

રાજકોટ શહેરમાં ચાલુ વર્ષે ચોમાસાની સિઝન તંત્ર, બુદ્ધિજીવીઓ અને સામાન્ય નાગરિકો માટે અત્યંત ચિંતાજનક ચિત્ર ઉપસાવી રહી છે. મેઘરાજાએ આ વર્ષે રાજકોટવાસીઓને ભારે હાથતાળી આપી હોય તેમ અત્યાર સુધીમાં સમગ્ર શહેરમાં સરેરાશ માત્ર ૪૯૦ મિલીમીટર વરસાદ નોંધાયો છે. આ આંકડો કોઈ સાધારણ ઘટાડો નથી, પરંતુ છેલ્લા એક દાયકામાં એટલે કે ૨૦૨૬ના વર્ષમાં નોંધાયેલો સૌથી ઓછો વરસાદ છે. ગત વર્ષે રાજકોટમાં સરેરાશ ૮૮૬ મિલીમીટર જેટલો મનમૂકીને વરસાદ વરસ્યો હતો, જેની તુલનાએ ચાલુ વર્ષે અડધો વરસાદ પણ થયો નથી. ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિનામાં જે રીતે ધોધમાર વરસાદી રાઉન્ડ આવવાની અપેક્ષા સેવાઈ રહી હતી તે તમામ ગણતરીઓ ઊંધી વળી ગઈ છે અને ચોમાસું તળિયે બેસી ગયું હોય તેવી ગંભીર પરિસ્થિતિનું નિર્માણ થયું છે.

શહેરના ભૌગોલિક ઝોન વાઈઝ વરસાદી આંકડાઓ પર નજર કરીએ તો મેઘરાજાના વિતરણમાં પણ ભારે અસમાનતા અને પક્ષપાત જોવા મળ્યો છે. મનપાના આંકડા મુજબ શહેરમાં સૌથી વધુ વરસાદ વેસ્ટ ઝોનમાં નોંધાયો છે, જ્યાં ૫૪૨ મિલીમીટર વરસાદ પડ્યો છે. ત્યારબાદ મધ્ય શહેર એટલે કે સેન્ટ્રલ ઝોનમાં ૫૧૦ મિલીમીટર વરસાદ નોંધાયો છે, જે સરખામણીએ થોડો રાહતરૂપ ગણી શકાય. પરંતુ સૌથી વિકટ અને ચિંતાજનક સ્થિતિ ઈસ્ટ ઝોનમાં સામે આવી છે, જ્યાં મેઘરાજા સાવ કંજૂસ સાબિત થયા છે અને મોસમનો કુલ વરસાદ માત્ર ૪૧૯ મિલીમીટર પર જ અટકી ગયો છે. ઈસ્ટ ઝોનમાં પડેલા આ નગણ્ય વરસાદને કારણે પૂર્વ રાજકોટના મોટાભાગના વિસ્તારોમાં ભૂગર્ભ જળસ્તર ઊંડા જવાની સાથે સ્થાનિક જળસંચયના સ્રોતો પણ ખાલીખમ રહ્યા છે.

વર્ષ ૨૦૨૬નું આ ચોમાસું રાજકોટ મહાનગરપાલિકાના વોટર વર્ક્સ ડિપાર્ટમેન્ટ અને આયોજકો માટે પણ મોટો પડકાર ફેંકી રહ્યું છે. સામાન્ય રીતે જુલાઈ અને ઓગસ્ટ મહિનામાં આજી, ન્યારી અને ભાદર જેવા શહેરના મુખ્ય જળાશયોમાં નવા નીરની વિપુલ આવક થતી હોય છે, જેના આધારે આખા વર્ષનું વોટર ઓડિટ તૈયાર કરવામાં આવતું હોય છે. પરંતુ આ વર્ષે સરેરાશ કરતાં ૫૫ ટકા જેટલો ઓછો વરસાદ થવાના કારણે આ જળાશયો પોતાની પૂર્ણ ક્ષમતા સુધી ભરાઈ શક્યા નથી. પરિણામે, આગામી શિયાળા અને ખાસ કરીને આવનારા કાળઝાળ ઉનાળા દરમિયાન રાજકોટ શહેરને પીવાનું પાણી પૂરું પાડવા માટે મહાનગરપાલિકાએ સ્થાનિક સ્રોતોના ભરોસે રહેવાના બદલે 'સૌની યોજના' અને નર્મદાના નીર પર સંપૂર્ણપણે નિર્ભર રહેવું પડશે.

છેલ્લા દસ વર્ષના ચોમાસાની સરખામણી કરીએ તો ૨૦૨૬નું વર્ષ વરસાદની દ્રષ્ટિએ આંકડાકીય રીતે સૌથી સૂકું સાબિત થયું છે. ઓછો વરસાદ માત્ર પાણી પુરવઠા પૂરતો સીમિત ન રહેતાં શહેરના પર્યાવરણ, ભૂગર્ભ જળની ગુણવત્તા અને આગામી દિવસોમાં ખેતી પર આધારિત સ્થાનિક અર્થતંત્ર પર પણ પરોક્ષ અસરો છોડી શકે છે. તંત્ર દ્વારા આગામી દિવસોમાં પાણી વિતરણનું યોગ્ય આયોજન કરવું અનિવાર્ય બનશે, સાથે સાથે રાજકોટના નાગરિકો માટે પણ આ આંકડા એક ચેતવણીરૂપ છે કે આગામી સમગ્ર વર્ષ દરમિયાન પાણીનો બગાડ અટકાવી તેનો અત્યંત વિવેકપૂર્ણ ઉપયોગ કરવામાં આવે.

# અસલી જીવાત

## કૃષિ ક્ષેત્રે લોન, ખાતર, જંતુ નાશક દવાના નામે છેતરપીંડી



ખેતી આધારિત દેશમાં ખેડૂતને સમૃદ્ધ બનાવવા અને તેની આવક બમણી કરવા માટે સરકારો દ્વારા મોટા પ્રમાણમાં સહાય, સબસિડી અને યોજનાઓની વાતો કરવામાં આવે છે. ખેડૂતોને ખૂબ લાભ અપાતો હોવાનું સરકારો કહે છે, પણ ખેડૂતોને માર્કેટના અસલી જીવડાંમાંથી મુક્તિ મળતી નથી. ખેતરમાં પાકને નુકસાન પહોંચાડતી જીવાત કરતાં પણ વધુ ખતરનાક આ સમાજમાં વસતા માનવરૂપી અસલી જીવડાં છે. જેઓ લોન, ખાતર અને જંતુનાશક દવાઓના નામે ખેડૂતોને દિવસ-રાત લૂંટી રહ્યા છે.

તાજેતરમાં રાજકોટ જિલ્લામાં સામે આવેલા બે અલગ-અલગ કૌભાંડોએ કૃષિ ક્ષેત્રે ચાલતી આવી છેતરપિંડીનો મોટો પર્દાફાશ કર્યો છે. રાજકોટ ગ્રામ્ય પોલીસે બે એવા ફેક કોલ સેન્ટરો ઝડપી પાડ્યા છે, જેઓ ખેડૂતોને સસ્તા વ્યાજે લોન અને જમીનના નામે કરોડો રૂપિયાની ઠગાઈનો શિકાર બનાવતા હતા. ભોળા ખેડૂતોને જમીન અને યોજનાઓના નામે જાળમાં ફસાવીને તેમની કમાણી લૂંટી લેવામાં આવતી હતી.

બીજી તરફ, રાજકોટ SOG દ્વારા પડધરીમાંથી ડુપ્લિકેટ જંતુનાશક દવાનું મોટું કૌભાંડ પકડવામાં આવ્યું છે. આ રેડ દરમિયાન પોલીસે રૂ. ૧૦ લાખથી વધુનો ડુપ્લિકેટ મુદ્દામાલ જપ્ત કરીને એક આરોપીની ધરપકડ કરી છે. ખેડૂત પોતાના લોહી-પરસેવાની કમાણીમાંથી મોંઘા ભાવની દવાઓ ખરીદે છે, જેથી પોતાના પાકને રક્ષણ આપી શકાય. પરંતુ જ્યારે આવી નકલી અને બનાવટી દવાઓ ખેતરોમાં છંટાય છે, ત્યારે પાક બચવાને બદલે નિષ્ફળ જાય છે અને ખેડૂત આર્થિક રીતે પાયમાલ થઈ જાય છે.

આ ઘટનાઓ સ્પષ્ટ દર્શાવે છે કે કૃષિ ક્ષેત્રમાં આવા અસામાજિક તત્વો અને ઠગ ટોળકીઓ ખુલ્લેઆમ સક્રિય છે. ખેડૂતો પાકના રક્ષણ માટે તો જંતુનાશક દવાઓનો ઉપયોગ કરી લે છે, પણ માર્કેટમાં વ્યાપેલા આ ઠગો, નકલી બિયારણ, બનાવટી દવાઓ અને બોગસ લોન આપનારા અસલી જીવડાંઓથી તેમને ક્યારેય છુટકારો મળતો નથી.

કૃષિ ક્ષેત્રે થતી આ છેતરપિંડી અટકાવવા માટે માત્ર સરકારી યોજનાઓના દાવો પૂરતા નથી, પરંતુ આવી નકલી સામગ્રી અને ઠગાઈ આચરનારાઓ સામે કડકમાં કડક કાર્યવાહી કરવી અત્યંત જરૂરી બન્યું છે. જો આ અસલી જીવાતને નાથવામાં નહીં આવે, તો ખેડૂત ક્યારેય આર્થિક રીતે બેઠો થઈ શકશે નહીં.

# સિંઘલ, સર્જિકલ સ્ટ્રાઈક, અને સોમનાથ મુદ્દે મન કી બાત

## પીએમ મોદીએ સર્જિકલ સ્ટ્રાઇકને ઐતિહાસિક સિદ્ધિ ગણાવી : વસ્તી ગણતરીના પ્રથમ તબક્કામાં ૩૨૦ મિલિયન પરિવારોની માહિતી એકત્રિત

નવીદિલ્હી, તા. ૨૭

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમના ''મન કી બાત'' કાર્યક્રમ દ્વારા રાષ્ટ્રને સંબોધન કર્યું. રવિવારે, કાર્યક્રમના ૧૩૮મા એપિસોડમાં, પ્રધાનમંત્રીએ આતંકવાદ, વસ્તી ગણતરી અને સર્જિકલ સ્ટ્રાઈક જેવા મુદ્દાઓ પર ચર્ચા કરી. તેમણે વિશ્વ હિન્દુ પરિષદના ભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ સ્વર્ગસ્થ અશોક સિંઘલને તેમની ૧૦૦મી જન્મજયંતિ પર યાદ કર્યા. આતંકવાદ પર બોલતા, પીએમ મોદીએ કહ્યું કે આજનું ભારત આતંકવાદને બિલકુલ સહન કરી શકતું નથી. આપણે તેના સામે શૂન્ય-સહિષ્ણુતાની નીતિ અપનાવી છે. ચાલો પીએમ મોદીના સંબોધનના મુખ્ય મુદ્દાઓને ફરીથી યાદ કરીએ. પીએમ મોદીએ તેમના ''મન કી બાત'' કાર્યક્રમમાં ૨૦૧૬ ની સર્જિકલ સ્ટ્રાઈકને ભારતની મુખ્ય ઐતિહાસિક સિદ્ધિઓમાંની એક ગણાવી. તેમણે કહ્યું કે ૨૮-૨૯ સપ્ટેમ્બર, ૨૦૧૬ ના રોજ, ભારતીય સેનાએ નિયંત્રણ રેખા (ક્ક્ષઈ) પાર કરી અને પાકિસ્તાનમાં આતંકવાદી ઠેકાણાઓ પર હુમલો કર્યો. પીએમએ કહ્યું કે ભારત હવે આતંકવાદ સામે શૂન્ય-સહિષ્ણુતાની નીતિ સાથે આગળ વધી રહ્યું છે.



તેમણે કહ્યું કે આતંકવાદી હુમલાઓએ લાંબા સમયથી ભારતને નુકસાન પહોંચાડ્યું છે. એક સમયે, દેશમાં શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટ સામાન્ય બની ગયા હતા. પીએમ મોદીએ ૧૩ સપ્ટેમ્બર, ૨૦૦૮ ના રોજ દિલ્હીમાં થયેલા શ્રેણીબદ્ધ વિસ્ફોટો અને થોડા અઠવાડિયા પછી થયેલા ૨૬/૧૧ ના મુંબઈ હુમલાનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે અગાઉ આતંકવાદી હુમલાઓ પછી પાકિસ્તાન સામે કાર્યવાહીની માંગ કરવામાં આવતી હતી, પરંતુ ભારત હવે આતંકવાદ સામે કડક વલણ અપનાવી રહ્યું છે, અને તેની અસર જોવા મળી રહી છે. તેમણે પોતાના સંબોધનમાં વસ્તી ગણતરીનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે વસ્તી ગણતરીનો પ્રથમ તબક્કો તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં લગભગ પૂર્ણ થઈ ગયો છે. અત્યાર સુધીમાં ૩૨ કરોડથી વધુ પરિવારોની માહિતી નોંધાઈ છે. પીએમએ માહિતી આપી કે ઉત્તરાખંડમાં વસ્તી ગણતરી ચમોલીના માના ગામમાં શરૂ થઈ હતી, જે દેશના પ્રથમ ગામ માના તરીકે ઓળખાય છે. તેમણે કહ્યું કે વસ્તી ગણતરી આપણા બધા માટે રાષ્ટ્રીય જવાબદારી છે. પીએમ મોદીએ યાદ કર્યું કે ૧૫ ઓગસ્ટના રોજ તેમણે દેશવાસીઓને વસ્તી ગણતરીમાં સહયોગ કરવા અને તેના માટે પોતાનો સમય આપવા અપીલ કરી હતી.

પીએમ મોદીએ વિશ્વ હિન્દુ પરિષદના ભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય કાર્યકારી પ્રમુખ સ્વર્ગસ્થ અશોક સિંઘલને તેમની ૧૦૦મી જન્મજયંતિ પર યાદ કર્યા. તેમણે કહ્યું કે અશોક સિંઘલે પોતાનું આખું જીવન સંસ્કૃતિ, સમાજ અને રાષ્ટ્ર માટે સમર્પિત કર્યું હતું. પીએમ મોદીએ કહ્યું કે અશોક સિંઘલે સમાજમાં રહીને તપસ્વી જીવન જીવ્યું. તેમણે રામ જન્મભૂમિ ચળવળમાં તેમના યોગદાનનો પણ ઉલ્લેખ કર્યો. પ્રધાનમંત્રીએ કહ્યું કે અશોક સિંઘલે રામ જન્મભૂમિ ચળવળને જે દિશા અને ઉર્જા આપી તેના પરિણામે આજે અયોધ્યામાં ભવ્ય રામ મંદિર દેખાય છે.

પીએમ મોદીએ ગુજરાતમાં મોઢેરા સૂર્ય મંદિરનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે ૧૦૨૬ ઈ.સ.માં, જ્યારે ગઝનીએ સોમનાથ મંદિર પર હુમલો કરીને તેનો નાશ કર્યો, ત્યારે તે જ વર્ષે ગુજરાતના મોઢેરા સ્થિત પ્રખ્યાત સૂર્ય મંદિર પર પણ હુમલો કરવામાં આવ્યો હતો. પીએમ મોદીએ કહ્યું કે આ વર્ષે મોઢેરા મંદિરના વિનાશની ૧૦૦૦મી વર્ષગાંઠ છે. તેમણે સમજાવ્યું કે તે સમયે, મંદિરનું નિર્માણ ફક્ત એક વર્ષ માટે થયું હતું. તે રાજા ભીમદેવ દ્વારા ૧૦૨૫ ઈ.સ.માં બનાવવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રીએ કહ્યું કે આજે, મોઢેરા ફક્ત તેના સૂર્ય મંદિર માટે જ જાણીતું નથી, પરંતુ ગુજરાતનું આ ગામ દેશના પ્રથમ સૌર ગામ તરીકે પણ ઓળખાય છે.

## દીપકે બોલ્યા તેમને છોડી દો નહીંતર હું પણ આવીશ

# આસામમાં આશુતોષ રંકા સહિત અનેક સીજેપી કાર્યકરોની અટકાયત

નવીદિલ્હી, તા. ૨૭

આસામ પોલીસે કોકરોચ જનતા પાર્ટીના સહ-સ્થાપક આશુતોષ રંકા સહિત અનેક પાર્ટી કાર્યકરોની અટકાયત કરી છે. સીજેપી ગુવાહાટીમાં સ્વયંસેવકો સાથે તેમની પહેલી પ્રાદેશિક બેઠક યોજવાની તૈયારી કરી રહ્યા હતા, પરંતુ બેઠક પહેલા જ કાર્યવાહી કરવામાં આવી. આશુતોષ રંકાએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આ અંગે માહિતી આપી. આ પછી, અભિજીત દીપકેએ પણ એક નિવેદન બહાર પાડ્યું, જેમાં સીજેપી કાર્યકરોને મુક્ત કરવાની માંગ કરવામાં આવી, નહીંતર તેઓ પોતે આસામ આવશે. આશુતોષ રંકા પોસ્ટમાં જણાવ્યું હતું કે હિમંત બિસ્વા શર્મા ડરી ગયા છે. તેમણે દાવો કર્યો હતો કે સીજેપી આસામની શાળાઓ અને કાઝીરંગા અને આસામ પૂરની વાસ્તવિક પરિસ્થિતિ વિશે દેશના લોકો સમક્ષ સત્ય ઉજાગર કરવા માંગે છે. દરમિયાન, અભિજીત દીપકેએ કહ્યું, ''આસામ પોલીસે આશુને એક ખાનગી ઘરમાંથી અટકાયતમાં લીધા હતા. તેમને હજુ સુધી તેમની અટકાયત માટેના આરોપો અથવા કારણો વિશે જાણ કરવામાં આવી નથી.'' તેમણે ઉમેર્યું હતું કે જો આશુને મુક્ત કરવામાં નહીં આવે,



તો તેઓ અન્ય મુખ્ય ન્યાયાધીશ સભ્યો સાથે આસામની યાત્રા કરશે. દીપકેએ કહ્યું કે હિમંત આપણા બધાની ધરપકડ કરી શકે છે.

પોલીસ કાર્યવાહીથી સીજેપીની આયોજિત પ્રાદેશિક બેઠકમાં પણ વિક્ષેપ પડ્યો. અહેવાલો અનુસાર, ગુવાહાટીમાં સ્વયંસેવકો સાથેની બેઠક આસામ સંબંધિત અનેક મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે હતી. રંકા અને અન્ય કાર્યકરોની અટકાયતને કારણે કાર્યક્રમ અસ્પષ્ટ રહ્યો છે. પોલીસે અટકાયતના કારણ અંગે હજુ સુધી વિગતો જાહેર કરી નથી. અટકાયતના એક દિવસ પહેલા, ગુવાહાટીમાં CJP નેતાઓ અને અખિલ ગોગોઈના નેતૃત્વ હેઠળના રાઈઝર પાર્ટી વચ્ચે એક બેઠક યોજાઈ હતી. આશુતોષ રંકા સહિત અનેક CJP નેતાઓ હાજર હતા. આસામમાં તાજેતરના પૂર સહિત રાજ્યને લગતા અનેક મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આસામમાં CJPની પ્રવૃત્તિઓ અને સંગઠનના વિસ્તરણ અંગે વધુ ચર્ચા કરવામાં આવી હતી. અગાઉ, CJPએ રાજ્યના કેટલાક અગ્રણી વ્યક્તિઓ અને નાના પ્રાદેશિક રાજકીય સંગઠનોનો સંપર્ક કર્યો છે. પોલીસે CJPના સહ-સ્થાપક આશુતોષ રંકા સહિત આસામમાં અનેક કાર્યકરોની અટકાયત કરી હતી. અભિજીત દિપકકેએ કહ્યું હતું કે જો તેમને મુક્ત કરવામાં નહીં આવે તો તેઓ આસામ પહોંચશે.

# પહેલા EVM અને હવે ચૂંટણી પંચને હાર માટે જવાબદાર ઠેરવવાયુ

## CM ધામીએ કોંગ્રેસના પ્રશ્નો પર પ્રહાર કર્યા : SIR-ચુવાનો સંબંધિત મુદ્દાઓ અને કોંગ્રેસના આરોપોનો જવાબ આપ્યો

નવીદિલ્હી, તા.૨૭

મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ જણાવ્યું હતું કે ભારતના લોકશાહીનો પાયો તેની બંધારણીય સંસ્થાઓમાં રહેલો છે. ચૂંટણી પંચ પણ એક સ્વતંત્ર બંધારણીય સંસ્થા છે, અને તેના સત્તાવાર નિર્ણયોને તે સંદર્ભમાં જોવા જોઈએ. તેમણે જણાવ્યું હતું કે ૨૬ સપ્ટેમ્બરના રોજ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને ચૂંટણી કમિશનર ડો. સુખબીર સિંહ સંધુ અને ડો. વિવેક જોશી વચ્ચે સંપૂર્ણ કમિશનની બેઠક યોજાઈ હતી. બેઠક પછી જારી કરાયેલી નોંધને સમગ્ર કમિશનની મંજૂરી છે. તેમણે જણાવ્યું હતું કે ચૂંટણી પંચે સ્પષ્ટતા કરી હતી કે ૨૪ જૂન, ૨૦૨૫ ના રોજ જારી કરાયેલ મૂળ SIR આદેશ સમગ્ર કમિશન દ્વારા સર્વાનુમતે જારી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ, ૧૨ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો અને પછી ૧૯ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો માટે જીઈછ સમયપત્રકને પણ કમિશન દ્વારા સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે કોઈપણ આંતરિક ટિપ્પણીને કમિશનના અંતિમ નિર્ણય સાથે સીધી અસંમતિ તરીકે અર્થઘટન કરવું અયોગ્ય છે.



એક સમાચાર અહેવાલમાં જણાવાયું છે કે બે ચૂંટણી કમિશનરોએ વિવિધ મુદ્દાઓ પર ઓછામાં ઓછા ૧૪ વાંધા દાખલ કર્યા છે, પરંતુ કમિશનનો સત્તાવાર અભિપ્રાય એ છે કે SIR અંગેનો અંતિમ આદેશ સર્વાનુમતે લેવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે લોકશાહીમાં પ્રશ્નો પૂછવા જોઈએ, પરંતુ આંતરિક નોંધને અંતિમ નિર્ણય તરીકે રજૂ કરવી જોઈએ નહીં, કે કોઈ વાંધો સંસ્થાકીય ભંગાણ તરીકે રજૂ કરવો જોઈએ નહીં. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે ૨૭ મે, ૨૦૨૬ ના રોજ સુપ્રીમ કોર્ટના નિર્ણયમાં બિહારમાં જીઈછ અંગે અપનાવવામાં આવેલી પ્રક્રિયાની ચૂંટણી પંચની સત્તા અને કાયદેસરતાને સ્વીકારવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટના સત્તાવાર નિર્ણય સારાંશ અનુસાર, કોર્ટે બિહારમાં હાથ ધરવામાં આવેલા SIR ને બંધારણની કલમ ૩૨૪ અને જનપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ ની કલમ ૨૧(૩) ના દાયરામાં હોવાનું માન્યું હતું, અને આ પ્રક્રિયા વૈધાનિક જોગવાઈઓ અને ૧૯૬૦ ના નિયમો અનુસાર હતી.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે ચૂંટણી પંચે કેબિનેટ સચિવને લખેલા પત્ર અંગે પણ પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે. કમિશનના જણાવ્યા અનુસાર, આ ડેપ્યુટેશન પરના અધિકારીના કાર્યપદ્ધતિ સાથે સંબંધિત વહીવટી બાબત હતી. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે ચૂંટણી પંચે ECINet અંગે ઉઠાવવામાં આવેલી ચિંતાઓની સ્વતંત્ર તકનીકી સમીક્ષા કરવાની વ્યવસ્થા કરી છે. વરિષ્ઠ નાયબ ચૂંટણી કમિશનરની અધ્યક્ષતામાં અને IIT/IIIT ના સ્વતંત્ર નિષ્ણાત સહિતની આ સમિતિ, ECINet કાયદા અને નિયમો અનુસાર કાર્ય કરી રહી છે કે નહીં તેની તપાસ કરશે.

કોંગ્રેસ પક્ષ પર નિશાન સાધતા મુખ્યમંત્રીએ કહ્યું કે કોંગ્રેસ પક્ષનું સંગઠન તૂટી ગયું છે અને તેના કેટલાક નેતાઓ હાસ્ય કલાકાર બની ગયા છે. તેમણે કહ્યું કે કોંગ્રેસ પક્ષ માને છે કે તે આ વહીવટી બાબતોનો ઉપયોગ પોતાની નબળાઈઓ છુપાવવા માટે ઢાલ તરીકે કરી શકે છે. મુખ્યમંત્રીએ ઉમેર્યું કે આજની પેઢી ખૂબ જ બુદ્ધિશાળી છે અને દેશની સુરક્ષા અને વિકાસ માટે કેવા પ્રકારની રાજનીતિની જરૂર છે તે સમજે છે.

# અમેરિકાની યાત્રાનું આયોજન કરી રહ્યા છો, તો રાહ જુઓ

## ઇન્ટરવ્યુ માટે મહિનાઓ રાહ જોવી પડશે : વિવિધ મોટા શહેરોમાં વેઈટિંગ લિસ્ટ લાંબુ



નવીદિલ્હી, તા. ૨૭

જો તમે મુસાફરી અથવા વ્યવસાય માટે યુએસ જવાની યોજના બનાવી રહ્યા છો, તો તમારે વિઝા એપોઈન્ટમેન્ટ માટે લાંબી રાહ જોવી પડી શકે છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના ડેટા અનુસાર, ભારતમાં કેટલાક યુએસ કોન્સ્યુલેટમાં ઇ-૧/ઇ-૨ વિઝિટર વિઝા માટે આગામી ઉપલબ્ધ ઇન્ટરવ્યુ એપોઈન્ટમેન્ટ લગભગ ૧૨ મહિના દૂર છે. ડેટા અનુસાર, હૈદરાબાદમાં ઇ-૧/ઇ-૨ વિઝા માટે આગામી ઉપલબ્ધ એપોઈન્ટમેન્ટ ૧૨ મહિના દૂર છે. અહીં સરેરાશ રાહ જોવાનો સમય ૧૧.૫ મહિના છે. આનો અર્થ એ છે કે જે લોકો યુએસની મુસાફરી કરવાનું આયોજન કરી રહ્યા છે તેમને ઇન્ટરવ્યુ સ્લોટ માટે લગભગ એક વર્ષ રાહ જોવી પડી શકે છે. મુંબઈમાં, ઇ-૧/ઇ-૨ વિઝા માટે સરેરાશ રાહ જોવાનો સમય ૧૧ મહિના છે, જ્યારે આગામી ઉપલબ્ધ એપોઈન્ટમેન્ટ લગભગ ૧૧.૫ મહિના દૂર છે. નવી દિલ્હીમાં, સરેરાશ રાહ જોવાનો સમય ૭.૫ મહિના છે, પરંતુ આગામી ઉપલબ્ધ સ્લોટ લગભગ ૧૦ મહિના દૂર છે.

આ ચાર મુખ્ય કેન્દ્રોમાં ચેન્નાઈમાં સૌથી ઓછો રાહ જોવાનો સમય છે. અહીં, ઇ-૧/ઇ-૨ વિઝા માટે સરેરાશ રાહ જોવાનો સમય ૭ મહિનાનો હતો, અને આગામી ઉપલબ્ધ એપોઈન્ટમેન્ટ લગભગ ૭.૫ મહિના દૂર હતી. સપ્ટેમ્બરના ડેટામાં કેટલાક કેન્દ્રો પર રાહ જોવાના સમયમાં ફેરફાર પણ જોવા મળે છે. મુંબઈમાં, ઇ-૧/ઇ-૨ વિઝા માટે સરેરાશ રાહ જોવાનો સમય ઓગસ્ટમાં ૧૪ મહિનાથી ઘટીને સપ્ટેમ્બરમાં ૧૧ મહિના થઈ ગયો. હૈદરાબાદમાં, તે ૯.૫ મહિનાથી વધીને ૧૧.૫ મહિના થઈ ગયો. નવી દિલ્હીમાં, સરેરાશ રાહ જોવાનો સમય ૭.૫ મહિના રહ્યો. આગામી ઉપલબ્ધ એપોઈન્ટમેન્ટ મુંબઈમાં ૧૧.૫ મહિના દૂર હતી અને હૈદરાબાદમાં ૧૨ મહિના દૂર હતી. નવી દિલ્હીમાં આગામી સ્લોટ લગભગ ૧૦ મહિના દૂર હતો.

ઇ-૧/ઇ-૨ વિઝાની તુલનામાં, ૠ, ખ, અને ઉં શ્રેણીના વિઝા માટે એપોઈન્ટમેન્ટ ઉપલબ્ધતા વધુ સારી છે. ચેન્નાઈમાં, આ વિઝા માટે આગામી ઉપલબ્ધ એપોઈન્ટમેન્ટ અડધા મહિના કરતાં ઓછી હતી. રાહ જોવાનો સમય નવી દિલ્હીમાં લગભગ ૨ મહિના, હૈદરાબાદમાં ૧.૫ મહિના દૂર હતો અને મુંબઈમાં ૨.૫ મહિના દૂર હતો. નોકરી સંબંધિત ઇં, ક, ઘ, ઙ, અને ચ વિઝા માટે રાહ જોવાનો સમય પણ કેન્દ્ર પ્રમાણે બદલાય છે. ચેન્નાઈ અને મુંબઈમાં, આગામી એપોઈન્ટમેન્ટ આશરે ૧.૫ મહિના પછી, નવી દિલ્હીમાં ૩ મહિના પછી અને હૈદરાબાદમાં ૫.૫ મહિના પછી ઉપલબ્ધ હતી.

યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ અનુસાર, પ્રકાશિત રાહ જોવાનો સમય અંદાજિત છે અને તે ગેરંટી આપતો નથી કે અરજદારોએ આટલી લાંબી રાહ જોવી પડશે. વિભાગ સમયાંતરે નવા એપોઈન્ટમેન્ટ સ્લોટ જાહેર કરે છે. જો સિસ્ટમમાં અગાઉની તારીખ ઉપલબ્ધ થાય તો હાલની એપોઈન્ટમેન્ટ ધરાવતા લોકો તેમની એપોઈન્ટમેન્ટ બદલી શકે છે. વધુમાં, કેટલાક પાત્ર અરજદારોને ઇન્ટરવ્યુમાંથી મુક્તિ મળી શકે છે. આવી અરજીઓ પ્રકાશિત રાહ જોવાના સમયમાં શામેલ નથી. તેથી, યુએસની મુસાફરી કરવાની યોજના બનાવી રહેલા ભારતીય અરજદારોએ અરજી કરતા પહેલા સંબંધિત યુએસ દૂતાવાસ અથવા કોન્સ્યુલેટની વેબસાઇટ પર નવીનતમ માહિતી તપાસવી જોઈએ.

બીમાર માતાના ખબર અંતર પૂછવા જતા પરિવાર પર કાળ ત્રાટક્યો

# કારે એકટીવાને ઉલાળતા દંપતી-પુત્રના મોત

## રામોદ અને ઘોઘાવદર વચ્ચે એક્ટિવા અને કાર વચ્ચે ગમખ્વાર ટક્કર : અનિડા ભાલોડી ગામમાં







રાજકોટ તા. ૨૭

રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના ઘોઘાવદર અને રામોદ ગામ વચ્ચેના રસ્તા પર એક અત્યંત કંપાવનારી અને હૃદયદ્રાવક ઘટના બની છે જેમાં એક પુરપાટ ઝડપે આવી રહેલી કાર અને એક્ટિવા વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો આ ગોઝારા અકસ્માતમાં એક્ટિવા પર સવાર એક જ પરિવારના ત્રણ સભ્યોના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે અને આ દુર્ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે કાર એટલી ભયંકર ઝડપે આવી રહી હતી કે તેણે એક્ટિવાને અડફેટે લીધા બાદ તેને છેક ખાડામાં ઢસડી ગઈ હતી અને ત્યારબાદ કાર પલ્ટી ખાઈ ગઈ હતી જોકે કારમાં રહેલી એરબેગ સમયસર ખુલી જતા કારચાલક મહિલા તથા કારમાં સવાર અન્ય ત્રણ લોકોનો આબાદ બચાવ થયો હતો પરંતુ એક્ટિવા પર સવાર નિર્દોષ પરિવારનો ભોગ લેવાયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ગોંડલના અનિડા ભાલોડી ગામમાં રહેતા ૪૦ વર્ષીય જયેશભાઈ કરશનભાઈ બગડા તેમના પત્ની શાંતુબેન અને ૧૩ વર્ષીય માસૂમ પુત્ર વ્રજ સાથે પોતાના એક્ટિવા નંબર જીજે ૦૩ એલએસ ૫૯૭૧ પર સવાર થઈને રામોદ ગામે જઈ રહ્યા હતા શાંતુબેનના માતા બીમાર હોવાથી તેમના ખબર અંતર પૂછવા માટે આ પરિવાર ખુશી ખુશી રામોદ જઈ રહ્યો હતો પરંતુ તેમને ક્યાં ખબર હતી કે રસ્તામાં કાળ તેમની રાહ જોઈને બેઠો છે જ્યારે તેઓ ઘોઘાવદર અને રામોદ વચ્ચેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે આણંદ તરફથી આવી રહેલી ટાટા નેક્સોન કાર નંબર જીજે ૨૩ સીએફ ૦૪૭૨ ના ચાલકે સ્ટેરિંગ પરથી કાબુ ગુમાવતા એક્ટિવાને ધડાકાભેર ટક્કર મારી હતી આ ટક્કર એટલી પ્રચંડ હતી કે એક્ટિવા પર સવાર જયેશભાઈ તેમના પત્ની અને માસૂમ દીકરો હવામાં ફંગોળાઈ ગયા હતા અને ગંભીર ઈજાઓ પહોંચવાને કારણે ત્રણેયના ઘટનાસ્થળે જ પ્રાણપંખેરું ઉડી ગયા હતા.

### સાળંગપુરથી દર્શન કરી અક્ષર દેરી જતા દર્શનાર્થીઓની કારથી સર્જાઈ દુર્ઘટના

આ જીવલેણ અકસ્માત સર્જનાર નેક્સોન કારના ચાલક હિરલબેન પટેલ આણંદથી મોડી રાત્રે અઢી વાગ્યાના સુમારે નીકળ્યા હતા અને આ કારમાં ત્રણ મહિલાઓ અને એક પુરુષ એમ કુલ ચાર લોકો સવાર હતા આ તમામ લોકો સાળંગપુર ખાતે કષ્ટભંજન હનુમાનજીના દર્શન કરીને ગોંડલના પ્રખ્યાત અક્ષર મંદિર ખાતે દર્શન કરવા માટે જઈ રહ્યા હતા તે દરમિયાન રસ્તામાં આ ગોઝારી દુર્ઘટના ઘટી હતી કાર ચાલકની ગફલતને કારણે એક નિર્દોષ પરિવારનો માળો વિખેરાઈ ગયો છે અને હસતો રમતો પરિવાર કાળના ખપ્પરમાં હોમાઈ ગયો છે અકસ્માતની જાણ થતા જ આસપાસના વિસ્તારમાંથી મોટી સંખ્યામાં લોકો દોડી આવ્યા હતા અને ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા તથા વાતાવરણમાં ચિચિયારીઓ અને મરણચીસો ગુંજી ઉઠી હતી.

### પોલીસ અને એમ્બ્યુલન્સની કામગીરી તથા ગામમાં શોકનો માહોલ

આ ગંભીર બનાવની જાણ થતા જ ગોંડલથી બે અને કોટડા સાંગાણીથી એક એમ કુલ ત્રણ એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને ત્રણેય મૃતકોના પાર્થિવ દેહને એમ્બ્યુલન્સ મારફતે ગોંડલ સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યા હતા બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ગોંડલ તાલુકા પોલીસની ટીમ પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને રસ્તા પરનો ટ્રાફિક ક્લિયર કરાવીને કાર ચાલક સામે કાયદેસરની કાર્યવાહી અને વધુ તપાસ હાથ ધરી હતી પોસ્ટમોર્ટમની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ શિવમ સાર્વજનિક ટ્રસ્ટની એમ્બ્યુલન્સ મારફતે ત્રણેય મૃતદેહોને તેમના સ્વગૃહે અનિડા ભાલોડી ગામે લઈ જવામાં આવ્યા હતા શિવમ સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા અંતિમ યાત્રામાં વપરાતી તમામ નિહારની કિટની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

### અનિડા ભાલોડી ગામ સજ્જડ બંધ અને એકસાથે ત્રણ અર્થીઓ ઉઠતા હૈયાફાટ રુદન

એક જ પરિવારના ત્રણ સભ્યોના એકસાથે મોત થતા અનિડા ભાલોડી ગામમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું હતું અને મૃતકોના શોકમાં આખા ગામે સજ્જડ બંધ પાળીને ભારે હૈયે શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી જ્યારે જયેશભાઈ તેમના પત્ની અને માસૂમ દીકરાની એકસાથે અંતિમયાત્રા નીકળી ત્યારે આખું ગામ હિબકે ચડ્યું હતું અને સૌની આંખોમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યા હતા માતા પિતા અને પુત્રની એકસાથે અંતિમક્રિયા કરવામાં આવી ત્યારે ઉપસ્થિત તમામ લોકોના હૈયા કકળી ઉઠ્યા હતા આમ એક નાનકડી ભૂલ અને અતિશય ઝડપે એક આખા પરિવારનું નિકંદન કાઢી નાખ્યું છે અને અનિડા ભાલોડી પંથકમાં આ કાળજું કંપાવનારી ઘટનાની કાયમી માટે ભયાનક સ્મૃતિ રહી જશે.

# HDFC બેંકની ડિજિટલ રૂપિયા માટે પાંચ નવી પહેલ

## કન્ઝ્યુમર અને કોર્પોરેટ ઈકોસિસ્ટમમાં ડિજિટલ કરન્સીનો વ્યાપ વધારવા નવો પ્રયાસ




રાજકોટ, તા.૨૭

એચડીએફસી બેંકે કન્ઝ્યુમર અને કોર્પોરેટ ઈકોસિસ્ટમમાં ભારતની સોવરિન ડિજિટલ કરન્સી એટલે કે ડિજિટલ રૂપિયા (સીબીડીસી)ની સ્વીકૃતિ અને વ્યાપ વધારવા માટે પાંચ નવી પહેલ શરૂ કરી છે. મુંબઈ ખાતે ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ રજૂ કરાયેલી આ પહેલ વ્યવહારુ ઉપયોગિતા, નિયમનકારી અનુપાલન અને વ્યાપક સુલભતા પર ભાર મૂકે છે, જે ડિજિટલ રૂપિયાને ભારતના ડિજિટલ અર્થતંત્રમાં રોજિંદા જીવનનું અભિન્ન અંગ બનાવવામાં મદદ કરશે તેવું મનાય છે.

રજૂ કરવામાં આવેલી મુખ્ય વિશેષતાઓમાં હવે ગ્રાહકો ટૂંક સમયમાં ક્રેડિટ કાર્ડના રીવોર્ડ પોઇન્ટ્સને કોઈપણ બ્રાન્ડ-સ્પેસિફિક વાઉચરની જેમ ડિજિટલ રૂપિયા સામે રીડીમ કરી શકશે. આ રકમનો ઉપયોગ ડાઈનિંગ, ફ્યુઅલ, એપરલ કે ઇલેક્ટ્રોનિક્સ જેવી કેટેગરીમાં છેલ્લા બાકી રહેલા પૈસા સુધી સંપૂર્ણપણે કરી શકાશે. આ ઉપરાંત પ્રમોશનલ કેમ્પેઇનમાં યોગ્ય શરતો પૂરી કરવા પર બેંક ડિજિટલ રૂપિયાના ગિફ્ટ વાઉચર્સ આપમેળે એક્ટિવેટ કરી આપશે, જે સીધા એચડીએફસી બેંકના ડિજિટલ રુપી વોલેટમાં જમા થશે અને તેને મર્ચન્ટની વિવિધ કેટેગરીમાં કોઈપણ યુપીઆઈ ક્યૂઆર કોડ સ્કેન કરીને ખર્ચી શકાશે તેવી જાહેરાત કરી છે.

કોર્પોરેટ ક્ષેત્રે સંસ્થાઓ પોતાના કોર્પોરેટ નેટ-બેન્કિંગ પ્લેટફોર્મનો ઉપયોગ કરીને કર્મચારીઓના ભોજન, ફ્યુઅલ અને મુસાફરીના ભથ્થાં સીધા ડિજિટલ રુપીમાં ચૂકવી શકશે, જેથી નાણાંનો ઉપયોગ નિર્ધારિત હેતુ માટે જ થાય તે સુનિશ્ચિત કરી શકાશે અને નિયમનકારી અનુપાલન સુધરશે. સાથે જ એચડીએફસી બેંકના ડિજિટલ રુપી વોલેટ્સ ઈઈઈખ એપ્લિકેશન પર ઉપલબ્ધ થશે, જેના માધ્યમથી ગ્રાહકો પોતાના સીબીડીસી વોલેટમાંથી સીધું યુપીઆઈની જેમ જ પેમેન્ટ કરી શકશે. વધુમાં, ગ્રાહકો ફ્લાઇટમાં ઇન્ટરનેટ કનેક્ટિવિટી વિના પણ ખાણી-પીણી કે સીટ અપગ્રેડ કરવા માટે એચડીએફસી બેંકના પીઓએસ ડીવાઇઝ પર માત્ર પોતાનો ફોન ટેપ કરીને ઑફલાઇન ચૂકવણી કરી શકશે તેવી વ્યવસ્થા ગોઠવાઈ છે.

એચડીએફસી બેંકના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ડિજિટલ રૂપિયો પ્રોગ્રામેબિલિટી, પારદર્શકતા અને વધુ મજબૂત નિયંત્રણો પૂરા પાડીને યુપીઆઈને પૂરક બની રહે છે. ઑટોમેટેડ કોર્પોરેટ ચૂકવણીઓથી લઈને ઑફલાઇન ઇન-ફ્લાઇટ પેમેન્ટ્સ સુધીના આ તમામ યુઝ કેસ રીટેઇલ અને હોલસેલ એમ બંને ઇકોસિસ્ટમમાં રોજિંદા જીવનની વાસ્તવિક જરૂરિયાતોમાં ડિજિટલ રુપીનો ઉપયોગ સરળ બનાવવા અને આરબીઆઈ સાથે મળીને મોટા પાયે અમલ કરવાના હેતુથી રજૂ કરવામાં આવ્યા છે.

# દેવપુષ્પ મેડીકલમાં તોડફોડ કરનાર સાજીદ સાથે ટોળકી ઝડપાઈ

## સાજીદ કચરા અને તેની ટોળકીના રફીક હુશેન ઈબ્રાહીમ કચરા, મહમદ સોહીલ રઈશ મહમદ સેલત,આબ્તાબ રફીક કચરા, મયુર ધુળા ધોળકીયા, અબ્બાસ ઉર્ફે છોટીયો અનવર કચરા એમ તમામનું રી-કન્ટ્રક્શન કરાવતી ગાંધીગ્રામ પોલીસ : લુખ્ખાગીરી ન કરવા મેડીકલ સ્થળે માફી મંગાવાઈ






રાજકોટ, તા.૨૭

રૈયા રોડ, હનુમાન મઢી ચોકમાં આવેલા દેવ પુષ્પ મેડિકલ સ્ટોરમાં દવા લેવા આવેલા સાજીદ કચરા અને તેમની ટોળકીના ૫ શખ્શોએ મેડિકલ સ્ટોરમાં તોડફોડ કરી સવા ત્રણ લાખનું નુકસાન કરી સ્ટાફને ખૂનની ધમકી આપી નાશી છુટ્યા હતા. દરમિયાન આવા લુખ્ખા તત્વોના ત્રાસમાંથી છોડાવાની ગૃહમંત્રી સુધી મેડીકલ એસોસિયેશન દ્વારા પહોચાડાયેલી ફરિયાદને સમર્થન મળતું તેમ પોલીસે તોડફોડિયા તત્વોને ઝેર કરવા ટુકડીઓ બનાવી સાજિદ અને તેમની ટોળકીના ૫ શખ્સોને જુદી જુદી જગ્યાએથી દબોચી લીધા છે અને ઘટના સ્થળે લઇ જઈને તમામને માફી મંગાવી રી-કન્ટ્રક્શન કરાવ્યું હતું.

મળતી વિગતો મુજબ ગાંધીગ્રામ પોલીસે રૈયા ગામ સવન સીમ્ફની એ-૭૦૩માં રહેતાં અને હનુમાન મઢી ચોકમાં દેવ પુષ્પ મેડીકલ સ્ટોર ચલાવતાં પ્રણવભાઇ ધીરજલાલ ઉનડકટ ની ફરિયાદ પરથી સાજીદ કચરા અને તેની સાથેના પાંચ અજાણ્યા સામે, મેડીકલ સ્ટોરમાં તોડફોડ કરીને સવાત્રણ લાખનું નુકાન કરવા બદલ ગુનો નોંધ્યો હતો. સાજીદ કચરાની દવા મેડીકલમાથી આપતા હતાં. ત્યારે એક બંધ કાઉન્ટર ઉપર એક બહેન ઉભા હતા. જેથી અમારા સ્ટાફમાથી રાજેશભાઈએ આ બહેનને કહેલ કે બીજા કાઉન્ટર ઉપર આવી જાવ. જેથી સાજીદ કચરાને એમ થયું કે મને બીજા કાઉન્ટર પર આવવાનું કહ્યું છે. આથી તેણે અમારા સ્ટાફ સાથે બોલાચાલી કરી હતી. સ્ટાફના માણસોએ સ્પષ્ટતા કરી હતી કે તમને નથી કહ્યું આ બંધ કાઉન્ટર પર ઉભેલા બહેનને કહ્યું છે.આ સાંભળી સાજીદ કચરા ઉશ્કેરાઇ ગયો હતો અને બોલાચાલી કરવા માંડયો હતો. તેમજ સ્ટાફને કહેલ તમે મને ઓળખો છો? થોડીવાર રહો હું હમણા દશેક મિનીટમા પરત આવુ છું, તમારું મેડીકલ બંધ કરાવવું છે. તેમ કહીને તે ત્યાંથી જતો રહ્યો હતો.

આ પછી આશરે દસેક મિનીટમાં સાજીદ કચરા તથા તેની સાથેના અન્ય પાંચ માણસો મોટર સાઈકલ લઈને આવ્યા હતાં. આ તમામના હાથમાં લાકડાના ધોકા હતાં. બધા મેડીકલ સ્ટોરમાં ઘુસી ગયા હતાં અને અંદર રાખેલ ૧૩ કોમ્પ્યુર કોમ્પ્યુટર, પાંચ સીસીટીવી કેમેરા અને એક પ્રિન્ટર અને ટીવીમાં બેફામ તોડફોડ કરી સવા ત્રણ લાખનું નુકશાન કર્યું હતું. રાજેશ ભાઈ સુચકને ડાબા હાથે ધોકા વડે માર મારતાં સામાન્ય ઈજા થઇ હતી.તોડફોડ વખતે આ શખ્સોએ સ્ટાફના કોઈના હાથમાં ફોન જોવે તો તેને ફોન મુકી દેવાનુ કહેતા હતાં અને જો કોઇ ફોન કરશે તો જાનથી મારી નાંખશે તેવી ધમકી આપી ગાળો દેતાં હતાં. આ શખ્સોએ મેડીકલના દરવાજાના કાચ તોડવાની કોશિશ પણ કરી હતી. પણ કાચ તુટયા નહોતાં. સાજીદ કચરા તથા તેની સાથેના અન્ય પાંચ શખ્સોએ તોડફોડ કરી રૂા. ૩,૨૫,૦૦૦નું નુકસાન કર્યુ હતું અને સ્ટાફને મારી નાખવાની ધમકી આપી હતી.

આ ગુનામાં સંડોવાયેલા સાજીદ કચરા, રફીક હુશેન ઈબ્રાહીમ કચરા, મહમદ સોહીલ રઈશ મહમદ સેલત,આબ્તાબ રફીક કચરા, મયુર ધુળા ધોળકીયા, અબ્બાસ ઉર્ફે છોટીયો અનવર કચરા એમ તમામ ૬ ને પોલીસે દબોચી લીધા છે. બે આરોપીને જુદી જુદી જેલમાંથી ટ્રાન્સફરથી કબજો લેવાયો છે. જ્યારે અન્યોને શહેરમાંથી પકડી પાડ્યાનું પીઆઈ ગઢવીએ જણાવ્યું હતું. તમામને દેવપુષ્પ મેડીકલ સ્થળે લઈ જવાયા હતા અને લુક્ખાગીરી ન કરવાની માફી મંગાવી બનાવનું રી-કન્ટ્રક્શન કરાવાયું હતું. પ્રસ્તુત તસ્વીરમાં સાજીચા કચરા અને તેની ટોળકીના સભ્યો બનાવ સ્થળે અને પોલીસ સ્ટેશને માફી માંગતા દેક્ખાય છે.

# રેલુ હિંસાના ગુનાનો આરોપી મુન્દ્રાથી ઝડપાયો

## માલવીયાનગર પોલીસ સ્ટેશનના ગુનાનો ભેદ ઉકેલતી પેરોલ ફર્લો સ્કવોડ



રાજકોટ તા. ૨૭

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર સહિતના ઉચ્ચ અધિકારીઓની નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવાની સૂચના અન્વયે પેરોલ ફર્લો સ્કવોર્ડ દ્વારા મહત્વની કાર્યવાહી કરવામાં આવી છે. પીઆઈ પી.એન.પઢિયારના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એસ. બી.ઘાસુરા અને તેમની ટીમે હ્યુમન સોર્સ તેમજ ટેકનીકલ એનાલિસીસના આધારે તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન રાજકોટ શહેરના માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ઘરેલુ હિંસાના ગુનામાં સંડોવાયેલા અને નાસતા ફરતા આરોપી જય નીતીનભાઈ કીકડીયાને કચ્છ જિલ્લાના મુંદ્રા ખાતેથી પકડી પાડવામાં આવ્યો છે.

મુંદ્રામાં રેમન્ડ શો રૂમ પાસે આવેલા બિલ્ડીંગમાં બીજા માળે રહે છે. આરોપી સામે માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં ઘરેલુ હિંસાનો ગુનો નોંધાયેલ છે. હાલમાં પેરોલ ફર્લો સ્કવોર્ડ દ્વારા આરોપીની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ તેને આગળની વધુ તપાસ માટે માલવીયાનગર પોલીસ સ્ટેશનને સોંપવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. સમગ્ર સફળ કામગીરીમાં પીઆઈ પી.એન.પઢિયાર અને પીએસઆઇ એસ.બી.ઘાસુરાની સાથે એ.એસ.આઇ. ઝહીરભાઇ ખફીફ, ધર્મેન્દ્રસિંહ ઝાલા, રાજદિપસિંહ ગોહિલ, હેડ કોન્સ્ટેબલ રાજદીપસિંહ ચૌહાણ, સીરાજભાઇ ચાનીયા, રોહિતભાઇ કછોટ, જયેશભાઈ ચોસલા તેમજ કોન્સ્ટેબલ અમીનભાઇ ભલુર, કુલદીપસિંહ જાડેજા, શાંતુબેન મુળીયા અને ડ્રાઈવર કોન્સ્ટેબલ દોલતસિંહ રાઠોડ સહિતનો સરાફ જોડાયો હતો.

માણસો ત્રાહિમામ પોકારી જાય અને ફરિયાદ નાં કરે ત્યાં સુધી કામ ન કરવું તેવું પોલીસનું કામ તે આનું નામ!

# હનુમાનમઢી-છોટુનગરમાં પોલીસની ખાસ ડ્રાઈવ : ૪ સામે ગુનો

## ચાર બુટલેગરો સામે દેશી દારૂના ગુના નોંધ્યા : વ્યાપક બદી વકર્યાની વ્યાપક ફરિયાદો બાદ કાર્યવાહીઃ દેશી દારૂની બે ભઠ્ઠી પર ક્રાઈમ બ્રાન્ચના દરોડા, બે ઝબ્બે





રાજકોટ, તા.૨૭

છોટુનગરમાં કાયદાનું રાજ કે બુટલેગરોનું તેવા શીષક હેઠળ રાજકોટ મિરરમાં પ્રસિદ્ધ થયેલા અહેવાલ બાદ પોલીસ સફાળી જાગી ગઈ હોવાનું કહેવું ઉચિત લાગે છે. આ વિસ્તારના લોકો દારૂડિયાઓથી ત્રાહિમામ પોકારી ગયા છે. લથડીયા ખાતા તત્વોથી બહેન દીકરીઓને રસ્તેથી પસાર થવું મુશ્કેલ બન્યું હોવાની વ્યાપક ફરિયાદો છેક ગૃહમંત્રી સુધી પહોચાડાઈ હતી. શાયદ આવી ઉચ્ચકક્ષા સુધી કરાયેલી રજૂઆતના ફળસ્વરૂપે પોલીસ સતર્ક બનીને છોટુનગર-મફતિયા પરામાં ત્રાટકી છે. આજે ગાંધીગ્રામ પોલીસે અને ક્રાઈમ બ્રાન્ચના સ્ટાફે ત્રાટકીને દેશી દારુ બનાવતા અને વેચતા બુટલેગરો સામે ૫-૬ ગુના નોંધીને કાર્યવાહીના શ્રીગણેશ કર્યા છે.

માણસો સમસ્યાથી ત્રાહિમામ પોકારી જાય, મુશ્કેલીમાં મુકાય જાય, મહિલા વર્ગ રસ્તે નીકળતા થરથર ધ્રુજે તે વાતની ફરિયાદ નાં કરે ત્યાં સુધી કોઈ કાર્યવાહી ના કરવી તેવી સ્થાનિક પોલીસની ઢીલી નીતિનો નકાબ ચિરાઈ ગયો છે. ગૃહમંત્રી સુધી પહોચેલી દેશી દારૂની બદીની ફરિયાદ બાદ હવે છોટુનગરમાં પોલીસે ધાડેધાડા ઉતારીને બુટલેગરોને દબોચવા કાર્યવાહી શરુ કરી છે. તે અંગે મળેલી વિગતો જોઈએ તો, રાજકોટ શહેરના મહેસૂલી પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર ચૈતન્ય માંડલીક, નાયબ પોલીસ કમિશ્નર ઝોન ૨ રાકેશ દેસાઇ, મદદનીશ પોલીસ કમિશ્નર રાધીકા ભારાઇ પશ્ચિમ વિભાગ દ્વારા રાજકોટ શહેર વિસ્તારમાં ચાલી રહેલ પ્રોહીબીશનની ગેરકાયદેસર પ્રવૃત્તિઓને નેસ્તનાબૂદ કરવા માટે ખાસ સૂચના આપવામાં આવેલ છે આ સૂચના અન્વયે રૈયા રોડ હનુમાન મઢી ચોક પાસે આવેલ છોટુનગર મફતીયાપરામાં પ્રોહીબીશન ડ્રાઇવ યોજવામાં આવી હતી અને આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. આ સફળ રેડ દરમિયાન ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશનના ચાર અલગ અલગ ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે આ ઉપરાંત અન્ય કામગીરી અંતર્ગત પોલીસે કુલ ૩૫ વાહનોનું વાહનચેકિંગ કર્યું હતું જેમાંથી ૦૨ વાહનો ડીટેઇન કરવામાં આવ્યા છે.

આ સમગ્ર કામગીરી ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના પીઆઈ એચ.પી. ગઢવી તેમજ સર્વેલન્સ સ્કોડના પીએસઆઈ એસ વી ગોહીલ તથા પીએસઆઈ એ.બી.ચાવડા, પીએસઆઈ એ.બી.ઝાલા, પીએસઆઈ એમ એન પીઠીયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. તેમની સાથે સ્ટાફના અન્ય કર્મચારીઓ જેમાં એ એસ આઇ ચેતનસિહ ગોહીલ તથા પોલીસ હેડ કોન્સટેબલ રોહીતભાઇ ગઢવી તથા પોલીસ કોન્સટેબલ જયદેવસિહ પરમાર પ્રશાંતભાઇ ગજેરા ચંદ્રદિપસિહ જાડેજા કૌશિકભાઇ ડાંગર તથા હોમગાર્ડ હરદીપસિહ જાડેજા વગેરે કર્મચારીઓએ આ સઘન કામગીરી પાર પાડી છે આ પ્રેસનોટ તારીખ ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન રાજકોટ શહેરના પોલીસ ઇન્સ્પેક્ટર એચ પી ગઢવી દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવી છે.






## દેશી દારૂની બે ભઠ્ઠી પર ક્રાઈમ બ્રાન્ચના દરોડા, બે ઝબ્બે

### દારૂ, આથો, સાધનો મળી ૭૨,૧૦૦નો મુદ્દામાલ કરાયો કબજે

ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સ્પેક્ટર એ.એસ.ચાવડા અને એમ એલ ડામોર તેમજ સી એચ જાદવ સતત પ્રયત્નશીલ હોય તેમના સીધા માર્ગદર્શન હેઠળ ડીસીબી પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઇન્સ્પેક્ટર ડી.પી.ઝાલા અને તેમની ટીમ દ્વારા આ સઘન કામગીરી કરવામાં આવી છે. સમગ્ર દરોડાની કામગીરીમાં ક્રાઇમ બ્રાન્ચના એએસઆઇ યશવંતભાઇ ભગત , પોલીસ હેડ કોન્સ્ટેબલ રાજદીપભાઇ પટગીર અમિતભાઇ ટુંડીયા કરણભાઇ કોઠીવાળ સંજયભાઇ અલગોતર અને પોલીસ કોન્સ્ટેબલ અરવિંદકુમાર ફતેપરા મહાવીરસિંહ જાડેજા કિશનભાઇ પાંભર તેમજ પોપટભાઇ ગમારા વગેરે સ્ટાફના માણસોએ સાથે મળીને ગુનેગારોને પકડી પાડવામાં મોટી સફળતા મેળવી છે. પોલીસ સ્ટાફના માણસો જ્યારે પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન એએસઆઇ યશવંતભાઇ ભગત, પોલીસ હેડ કોન્સ્ટેબલ રાજદીપભાઇ પટગીર અને અમિતભાઇ ટુંડીયાને મળેલી ચોક્કસ હકીકત અને બાતમીના આધારે રાજકોટ ગ્રીનલેન્ડ ચોકડી પાસે લાલપરી મફતીયા પરા સાગર પાનથી નદી કાંઠે ગેરકાયદેસર રીતે ચાલતી દેશી દારૂ બનાવવાની ચાલુ ભઠ્ઠી પર અચાનક દરોડો પાડવામાં આવ્યો હતો. આ દરોડા દરમિયાન પોલીસે ઘટનાસ્થળેથી દેશી દારૂની ભઠ્ઠી ગાળતા બે આરોપીઓને રંગેહાથ પકડી પાડ્યા હતા જેમાં પ્રથમ આરોપી રાજુ જીવણ ભુસડીયા(રહે. રાજકોટ લાખાજીરાજ ઉદ્યોગનગર નવા થોરાળા મેઈન રોડ શેરી નંબર ૦૮ ) સંજય ઉર્ફે ચકો પોપટ સોલંકી(ભાવનગર રોડ કુબલીયા પરા શેરી નંબર ૦૫ મચ્છીવાળા ચોકમાં) નો સમાવેશ થાય છે. આ ગુનાહિત સ્થળ પરથી પોલીસે મોટી માત્રામાં દેશી દારૂ બનાવવાનો સામાન અને તૈયાર દારૂનો જથ્થો કબ્જે કર્યો છે જેમાં ૪૦૦ રૂપિયાની કિંમતના ૪ નંગ એલ્યુમિનિયમના તપેલા અને ૧૦૦ રૂપિયાની કિંમતની ૪ નંગ ડીસો તેમજ ૪ નંગ રબ્બરની નળી અને ૨૦૦ રૂપિયાની કિંમતના ૪ નંગ પ્લાસ્ટિકના કેન ઉપરાંત ૧૪૦૦ રૂપિયાની કિંમતના ૧૪ નંગ પતરાના બેરલનો સમાવેશ થાય છે. વધુમાં દારૂ બનાવવા માટે તૈયાર રાખેલો ૧૦૦૦૦ રૂપિયાની કિંમતનો ૪૦૦ લીટર ગરમ આથો અને ૫૦૦૦૦ રૂપિયાની કિંમતનો ૨૦૦૦ લીટર ઠંડો આથો તેમજ ૧૦૦૦૦ રૂપિયાની કિંમતનો ૫૦ લીટર પીવાનો તૈયાર દેશી દારૂ મળીને કુલ ૭૨૧૦૦ રૂપિયાનો મુદ્દામાલ પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવ્યો છે પકડાયેલા આ બંને ઇસમો વિરુદ્ધ રાજકોટ શહેર ડીસીબી પોલીસ સ્ટેશનમાં પ્રોહીબિશન એક્ટની કલમો હેઠળ ગુનો નોંધીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

### શહેરમાં સાયબર ક્રાઇમની ઘટનાઓમાં સતત વધારો થઈ રહી

# ડિજિટલ એરેસ્ટ : નિવૃત્ત પ્રોફેસરના ૧૬.૧૮ લાખ પડાવ્યા

## એટીએસ અને પોલીસ અધિકારીની ઓળખ આપી ૭૩ વર્ષીય વૃદ્ધને ચાઇલ્ડ પોર્નોગ્રાફી અને ગેરકાયદેસર વ્યવહારોમાં ફસાવવાની ધમકી આપી આચરાઈ ઠગાઈ

રાજકોટ, તા. ૨૭

શહેરમાં સાયબર ક્રાઇમની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. સિંચરવા વિસ્તારમાં રહેતા ૭૩ વર્ષીય નિવૃત્ત પ્રોફેસર સાથે ડિજિટલ એરેસ્ટના નામે રૂ. ૧૬.૧૮ લાખની મોટી ઠગાઈ આચરવામાં આવી છે. આ મામલે પીડિત વૃદ્ધે સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે.

બનાવની વિગત જોઈએ તો વૃદ્ધને એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનાર વ્યક્તિએ પોતાનું નામ ચિરાગ અને પોતે બનારસ પોલીસ હેડ ઓફિસનો પોલીસ અધિકારી હોવાની ઓળખ આપી હતી. તેણે વૃદ્ધને જણાવ્યું હતું કે તેમના આધારકાર્ડથી રજિસ્ટર થયેલા મોબાઈલ નંબર પરથી બેંકમાં એકાઉન્ટ ખોલાવીને કરોડો રૂપિયાના ગેરકાયદેસર ટ્રાન્ઝેક્શન કરવામાં આવ્યા છે. એટલું જ નહીં, આ નંબરનો ઉપયોગ ચાઇલ્ડ પોર્નોગ્રાફી અને ગેરકાયદે ગેમ્બલિંગ જેવી પ્રવૃત્તિઓમાં થયો હોવાનું કહી તેમની સામે ગુનો નોંધાયો હોવાનો ડર બતાવ્યો હતો.

ત્યારબાદ વોટ્સએપ પર પ્રેમ ગૌતમ નામના વ્યક્તિનો વીડિયો કોલ આવ્યો હતો, જેણે પોલીસના યુનિફોર્મમાં પોતે એટીએસનો પોલીસ ઇન્સ્પેક્ટર હોવાનું જણાવ્યું હતું. તેણે વૃદ્ધને ધરપકડની ધમકી આપી હતી પરંતુ ઉંમર વધારે હોવાથી ઘરે બેસીને જ ઓનલાઇન ઇન્વેસ્ટિગેશન કરવાનું નાટક રચ્યું હતું.



ઠગોએ વૃદ્ધને આ અંગે કોઈને જાણ ન કરવા દબાણ કર્યું હતું અને સતત વોટ્સએપ કોલ તથા વીડિયો કોલ દ્વારા તેમના પર નજર રાખવાનું શરૂ કર્યું હતું.

બેંક એકાઉન્ટ ચેકિંગના નામે ૧૬.૧૮ લાખ ટ્રાન્સફર કરાવ્યા. ત્યારપછી ઠગોએ વૃદ્ધ પાસે બેંક એકાઉન્ટની વિગતો અને બેંક સ્ટેટમેન્ટ મંગાવ્યા હતા. બાદ તપાસના ભાગરૂપે બેંકમાં રહેલા રૂપિયા રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયામાંથી ચેકિંગ કરાવવા પડશે અને પાછળથી પરત મળી જશે તેવી ખાતરી આપી આરટીજીએસ મારફતે રૂ. ૧૧,૦૩,૦૦૦ ટ્રાન્સફર કરાવ્યા હતા. ત્યારબાદ ૨ સપ્ટેમ્બરે બીજા રૂ. ૫,૧૫,૩૦૦ પણ ટ્રાન્સફર કરાવી લીધા હતા. આમ, કુલ રૂ. ૧૬,૧૮,૩૦૦ મેળવ્યા બાદ ઠગોએ રિઝર્વ બેંકના નામે ફેક રસીદ પણ વોટ્સએપ પર મોકલી આપી હતી. વોટ્સએપ નંબર પરથી પ્રેમ ગૌતમે ફરી કોલ કર્યો હતો. અંતે ૯ સપ્ટેમ્બરે ઇન્વેસ્ટિગેશન પૂર્ણ થઈ ગયું હોવાનું કહી નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સીના નામે એક બનાવતી એનઓસી મોકલી આપી હતી. ત્યારબાદ વૃદ્ધે સાયબર ઠગોના નંબર પર સંપર્ક કરવાનો પ્રયાસ કરતા તમામ નંબરો બંધ આવ્યા હતા. પોતાની સાથે મોટી છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતાં તેમણે પત્ની અને પુત્રને સમગ્ર ઘટનાની જાણ કરી સાયબર ક્રાઇમમાં ફરિયાદ નોંધાવી હતી.

## શહેરમાં કાયદો વ્યવસ્થા સુલેહશાંતી જળવાઈ રહે તે માટેવપોલીસનું કડક ચેકિંગ

# દારૂ, છરી સાથે અને પીધેલા ૨૪ ઝપટે ચડ્યા

### ગેરકાયદેસર છરી સાથે ૫, દારૂ પીને વાહન ચલાવતા અને નશાની હાલતમાં ૧૪ તથા દારૂ સાથે ૫ શખ્સ પકડાયા

રાજકોટ, તા.,૨૭

શહેરમાં પોલીસ દ્વારા શાંતિ અને સુરક્ષા જાળવવાના ભાગરૂપે શહેરના વિવિધ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં કડક પેટ્રોલિંગ અને ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ કામગીરી દરમિયાન પોલીસે ગેરકાયદેસર છરી રાખવા, દારૂનો જથ્થો રાખવા કે વેચવા તથા દારૂ પીને જાહેરમાં વાહન ચલાવવા બદલ કુલ ૨૪ કેસો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી છે.

ગેરકાયદેસર હથિયાર અને છરી રાખવા અંગે હાથ ધરાયેલી તપાસમાં વિવિધ વિસ્તારોમાંથી પકડાયેલા શખ્સો સામે પોલીસે ૫ કેસ દાખલ કર્યા છે, જેમાં કાલાવડ રોડ એ.જી. ચોક પાસેથી કાળુ રાજુભાઇ સાડમીયા-દેવીપૂજક, મોરબી રોડ જૂના જકાતનાકા પાસેથી વેલશી પાંચાભાઇ રાજપરા (કોળી), સંત કબીર રોડ નાલા પાસેથી મનીષ મગનભાઈ દાણીધારીયા, ભાવનગર રોડ આઇ.ટી.આઇ. સામેથી ભરત કુરજીભાઇ કાલરીયા, સાત હનુમાન મંદિર નજીકથી કરશન દેવાભાઇ વાઘેલા અને જામનગર રોડ સ્લમ ક્વાર્ટર પાસેથી અનીલ વેલજીભાઇ મકવાણા છરી સાથે ઝડપાયા હતા.

દારૂ પીને બેફામ રીતે વાહન ચલાવનારા તથા નશાની હાલતમાં રખડતા શખ્સો સામે પોલીસે કડક વલણ અપનાવી ૧૪ કેસ નોંધ્યા છે. તેમાં મોરબી રોડ જૂના જકાતનાકા પાસેથી અશોક ઉર્ફે મહેશ કાળુભાઈ જાંબુકીયા (એક્સેસ), સહકાર મેઇન રોડ પરથી હરેશ બીજલભાઇ હતવાણી (મોટરસાયકલ), કોઠારીયા મેઇન રોડ પરથી ફારૂક જીવાભાઈ બુકેરા (મોટરસાયકલ), પંચમુખી હોટલ સામેથી દર્પણ પરષોતમભાઇ કાકડીયા (એક્ટિવા), ભાવનગર રોડ ચુનારાવાડ ચોક પાસે સર્પાકાર વાહન ચલાવતા તેજવીર દેવેન્દ્રકુમાર અને મુકેશ ઉર્ફે મુકો ભીખાભાઇ લાખાભાઇ ધંધુકીયા, ગોંડલ ચોકડી પાસેથી જયરાજ બાબુભાઇ સોલંકી (એક્ટિવા), આજીડેમ ચોકડી પાસેથી વિજય રણછોડભાઇ ચણીયારા (ડીલક્ષ), કોઠારીયા રોડ પરથી પ્રકાશ બાલુભાઇ ચંદ્રેશા (ગ્લાંઝા કાર), સિંધી કોલોની પાછળથી અજય મુકેશભાઇ સોઢા (સ્પ્લેન્ડર), ક્રિષ્નાનગર મેઇન



રોડ પરથી અશોક શ્રીશિવચરણ સહાની, કે.કે. વી. હોલ પાછળથી ધર્મેશ સુરેશભાઈ રત્નેશ્વર, કાલાવડ રોડ પરથી સંજય ગોરખપ્રસાદ પ્રજાપતી, મવડી-કણકોટ રોડ પરથી ભુપત હકાભાઇ ઠુંગા, માલીયાસણ બાયપાસ પાસેથી ભુપત ગોવિદભાઇ પરમાર (CNG રિક્ષા), નવાગામ આણંદપરથી કાળુ જીવાભાઇ મંડ અને બાબુ સવશીભાઇ અઘોલા, માલીયાસણ ચોકડી પાસેથી જગદિશ મેપાભાઇ મજેઠીયા, રૈયા રોડ હનુમાન મઢી ચોક પાસે રામબહાદુર અમરસીંગ વિશ્વકર્મા (એક્ટિવા) અને દીલીપ ઇશ્વરભાઇ વારૈયા (હોન્ડા શાઇન), રંગ ઉપવન ગેટ સામેથી મનોજ અમરશીભાઇ વાઘેલા, રૈયાધાર મફતીયાપરાથી વિનોદ ગોપાલભાઇ હળવદીયા (એક્સેસ), કીડની હોસ્પિટલ યુનિ. રોડ પરથી ગોવિદ નરપતી અછામ (સ્કુટી) તથા પુષ્કરધામ મેઇન રોડ પરથી સંદીપ રમેશભાઇ હદવાણી દારૂ પીધેલી હાલતમાં વાહન હંકારતા પકડાયા હતા.

આ ઉપરાંત ગેરકાયદેસર દારૂના વેચાણ અને કબ્જા અંગે પોલીસે ૫ સ્થળોએ દરોડા પાડી કાર્યવાહી કરી હતી, જેમાં લલુડી વોકળી ઝૂંપડપટ્ટી પાસેથી ઇમરાન ઉર્ફે ભુરો સલીમભાઇ શેખ (૫ લીટર દેશી દારૂ), ઢેબર કોલોની નારાયણ નગર મફતીયાપરામાંથી હબીબ હાસમભાઇ ચૌહાણ (૭ લીટર દેશી દારૂ), ૮૦ ફૂટ રોડ પરથી રોહીત મોહનભાઇ ચાંડપા (૧૦ લીટર દેશી દારૂ), આજી GIDC પાસે ગીતાબેન કલ્પેશભાઇ ચૌહાણ (૫ લીટર દેશી દારૂ), ભારતનગર મેઇન રોડ પરથી અશોક મનજીભાઇ સોલંકી (વિદેશી દારૂના ૧૮૦ એમએલના ૨૦ ચપલા કિં. રૂ. ૩,૪૦૦ તથા મોબાઇલ મળી કુલ રૂ. ૧૩,૪૦૦ નો મુદ્દામાલ), ભીમરાવનગર શેરી નં. ૩ માંથી જીજ્ઞેશ દિનેશભાઇ ચાવડા (૪ લીટર દેશી દારૂ), છોટુનગર મફતીયાપરામાંથી હિરલબેન રાજુભાઇ અઘારીયા (૪ લીટર દેશી દારૂ), ઘંટેશ્વર ક્વાર્ટર પાસેથી ફારૂક બસીરભાઈ મલેક (૫ લીટર દેશી દારૂ), પુનીતનગર મટુકી રેસ્ટોરન્ટ સામેથી મનોજ જયેશભાઇ શુક્લ (૯ લીટર દેશી દારૂ), કણકોટ રોડના પાટીયા પાસેથી વિપુલ મધુભાઇ સોલંકી (૬ લીટર દેશી દારૂ) અને કોઠારીયા સોલવન્ટમાંથી ઉમંગ ઇશ્વરભાઇ સોલંકી (૩ લીટર દેશી દારૂ) સાથે ઝડપાયા હતા. પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ પ્રોહિબિશન અને જી.પી. એકટની કલમો હેઠળ ગુના નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# એસ્ટ્રોન ચોકમાં તસ્કરણી ચોરી ૪ મોબાઈલ બઠ્ઠાવી ગઈ

### મેહુલ ટેલિકોમ અને ઉમિયા ટેલિકોમમાં બનાવઃ ગ્રાહકના સ્વાંગમાં આવેલી મહિલા સીસીટીવીમાં કેદઃ એ ડિવિઝન પોલીસ દ્વારા તપાસ



રાજકોટ તા. ૨૭

શહેરના વ્યસ્ત એવા એસ્ટ્રોન ચોક વિસ્તારમાં આવેલા મોબાઈલના બે શો રૂમમાં એક અજાણી મહિલાએ અત્યંત ચતુરાઈપૂર્વક સ્ટાફનું ધ્યાન ભટકાવીને ત્રણ મોંઘાદાટ ફોનની ચોરી કરી હોવાની ઘટના સામે આવી છે. આ ઉપરાંત આસપાસની અન્ય દુકાનોને પણ લક્ષ્ય બનાવવામાં આવી હોવાની વિગતો પ્રકાશમાં આવી છે. આ બનાવ અંગે દુકાનના માલસામગ્રી સંચાલકે એ-ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

ગીતાંજનગર સોસાયટીમાં રહેતા અને મેહુલ ટેલિકોમમાં માલસામગ્રી સંચાલક તરીકે ફરજ બજાવતા દીપભાઈ પ્રકાશભાઈ ચંદારાણાએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, ગત તારીખ ૫ સપ્ટેમ્બરના રોજ સવારે સ્ટાફ દ્વારા ઉપલબ્ધ સ્ટોકની ગણતરી હાથ ધરવામાં આવી હતી. તે દરમિયાન એક ફોન ઓછો જણાતાં શંકા ઉપજી હતી. આથી દુકાનમાં રાખેલા સીસીટીવી કેમેરાની તપાસ કરવામાં આવતાં તારીખ ૩ સપ્ટેમ્બરના રોજ રાત્રિના આશરે આઠ વાગ્યાના સુમારે એક અજાણી મહિલા ગ્રાહક બનીને આવી હોવાનું માલૂમ પડ્યું હતું. આ મહિલાએ કર્મચારીઓને વાતોમાં ઉલઝાવી રાખીને તેમની નજર ચુકવી દીધી હતી અને ડિસ્પ્લે પરથી ત્રણેય કિંમતી મોબાઈલ ઉપાડી લીધા હતા. ચોરી થયેલા ઉપકરણોમાં રિયલમી કંપનીના બે મોડેલ તેમજ વનપ્લસ કંપનીના એક મોડેલનો સમાવેશ થાય છે, જેની કુલ કિંમત રૂ. ૪૨,૯૬૪ આંકવામાં આવી છે. બનાવ બાદ આસપાસના અન્ય વેપારીઓને જાણ કરવામાં આવતાં પૂજારા મોબાઈલ અને ઉમિયા મોબાઈલમાંથી પણ ઓપ્પો કંપનીના ફોન ચોરાયા હોવાનું સામે આવ્યું હતું. હાલ પોલીસે આ અજાણી મહિલા વિરુદ્ધ ચોરીનો ગુનો નોંધી સીસીટીવીના આધારે તપાસ શરૂ કરી છે.

### PCBની ટીમનો કૃષ્ણનગરમાં દરોડોઃ કુલ ૬.૪૨ લાખનો મુદ્દામાલ કબ્જે

# દારૂ ભરેલી કાર સાથે મોરબીનો વેપારી પકડાયો

### અલગ અલગ બ્રાન્ડના ચપલા બોટલો સાથે મોરબીના વેપારીની ધરપકડ કરી વિસ્તૃત પૂછપરછ

રાજકોટ તા. ૨૭

શહેર વિસ્તારમાં પ્રોહીબીશનની ગેરકાયદેસર પ્રવૃત્તિ સદંતર નેસ્ત નાબુદ કરવા અને અસરકારક કામગીરી કરવા રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા દ્વારા કડક સૂચનાઓ આપવામાં આવી હતી. આ સૂચનાના અન્વયે પી.સી.બી. પોલીસ ઇન્સપેક્ટર એમ. આર.ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પી.સી.બી.ના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન એ.એસ. આઇ. મહીપાલસિંહ ઝાલા, અનિલ સોનારા, પો.હેડ.કોન્સ. હરદેવસિંહ રાણા તથા પોલીસ કોન્સ. હરપાલસિંહ જાડેજાને સંયુક્ત હકીકત મળી હતી કે કૃષ્ણનગર શેરી નં.૧૦ રુદ્રાક્ષ કોમ્પલેક્ષની સામે રોડ ઉપર એક મારુતી સીયાઝ કારમાંથી ઇંગ્લીશ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. આ ચોક્કસ બાતમીના આધારે પોલીસે દરોડો પાડીને કારમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે એક શખ્સને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.




આ દરોડા દરમિયાન પોલીસે આરોપી વિનય રમેશભાઇ મહેતા (ઉં.વ.૪૯, જાતે જૈન વણીક, ધંધો વેપાર, રહે.૭૦૨, શુભ હિલ્સ એપાર્ટમેન્ટ, રંગઘરતી પાર્ક, રવાપર રોડ, મોરબી)ની અટકાયત કરી છે. દરોડા દરમિયાન પોલીસે અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલો અને કાર સહિત કુલ ૬,૪૨,૪૫૧ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. કબ્જે કરાયેલા મુદ્દામાલમાં બ્લેન્ડર પ્રાઇડ સિલેક્શન પ્રીમીયમ વ્હીસ્કી ૧૮૦ એમ.એલ.ની બોટલ નંગ-૯૬ (કિં. ૪૫,૦૮૦), માસ્ટર બ્લેન્ડર સીંગનેચર રેર એજ્ડ વ્હીસ્કી ૧૮૦ એમ.એલ.ની બોટલ નંગ-૯૬ (કિં. ૪૬,૫૩૫), રોયલ ચેલેન્જ પ્રિમીયમ ડીલક્સ વ્હીસ્કી ૧૮૦ એમ.એલ.ની બોટલ નંગ-૯૬ (કિં. ૨૯,૮૫૫), ૮ પીએમ સ્પેશિયલ રેર વ્હીસ્કી ૧૮૦ એમ.એલ.ની બોટલ નંગ-૯૬ (કિં. ૩૪,૫૫૦), મેક્ડોવેલ્સ નંબર ૧ ઓરીજીનલ ડીલક્સ કલેક્શન વ્હીસ્કી ૧૮૦ એમ.એલ.ની બોટલ નંગ-૯૬ (કિં. ૨૫,૩૪૪), ઓલ સીઝન્સ ગોલ્ડન કલેક્શન રીઝર્વ વ્હીસ્કી ૧૮૦ એમ.એલ.ની બોટલ નંગ-૪૫ (કિં. ૧૫,૦૭૫), ઇમ્પીરીયલ બ્લુ રીઝર્વ ગ્રેઇન વ્હીસ્કી ૭૫૦ એમ.એલ.ની બોટલ નંગ-૧૨ (કિં. ૧૩,૨૦૦), ગ્રીન લેબલ ધ રીચ બ્લેન્ડ વ્હીસ્કી ૭૫૦ એમ.એલ.ની બોટલ નંગ-૧૨ (કિં. ૧૩,૨૦૦), રોયલ ચેલેન્જ પ્રિમીયમ ડીલક્સ વ્હીસ્કી ૭૫૦ એમ.એલ.ની બોટલ નંગ-૧૨ (કિં. ૧૫,૬૦૦) તથા મારૂતી કંપનીની ગ્રે કલરની સીયાઝ કાર રજી.નં. જીજે-૦૩-એમઆર-૯૫૬૭ કિં. ૪,૦૦,૦૦૦નો સમાવેશ થાય છે.

આ કામગીરી પી.સી.બી. પોલીસ ઇન્સપેક્ટર એમ.આર. ગોંડલીયા તથા પોલીસ સબ ઇન્સપેક્ટર પી.બી.ત્રાજીયાની સાથે એ.એસ.આઇ. આર.કે.જાડેજા, મયુરભાઇ પાલરીયા, સંતોષભાઇ મોરી, મહીપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, અનિલભાઇ સોનારા, પો.હેડ.કોન્સ. કિરસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, ઉમેશભાઇ ચાવડા, દિલીપભાઇ બોરીચા, વાલજીભાઇ જાડા, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી, સંજયકુમાર રૂપાપરા તેમજ પો.કોન્સ. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કળોતરા, હિરેન્દ્રસિંહ પરમાર, વિશાલભાઇ દવે અને હરપાલસિંહ જાડેજા દ્વારા કરવામાં આવી હતી.

## શહેરમાં ચોરીના ત્રણ અલગ અલગ બનાવો : ફૂલ નહિ તો ફૂલની પાંખડી મુજબ જે મળ્યું એ ઉપાડ્યું

# પીકઅપના ટાયર, રમકડાં અને કેબલ-મોટરની ચોરી

### આજીડેમ, એ-ડિવિઝન અને તાલુકા પોલીસ સ્ટેશનમાં તસ્કરો વિરુદ્ધ ગુના નોંધાયાઃ પોલીસે ચોરટાઓને પકડવા તપાસ આદરી

રાજકોટ તા. ૨૭

શહેરમાં ચોરટાઓનો ત્રાસ વધી રહ્યો છે. અલગ-અલગ વિસ્તારોમાંથી વાહનના ટાયર, દુકાન બહારથી બાળકોના રમકડાની બાઇક તેમજ સરકારી નર્સરીમાંથી મોટર અને કેબલ વાયરની ચોરી થવાના બનાવો પ્રકાશમાં આવ્યા છે. આ ત્રણેય બનાવો અંગે સંબંધિત પોલીસ સ્ટેશનોમાં ફરિયાદો નોંધાવવામાં આવી છે.

પ્રથમ બનાવમાં બોલેરો પીકઅપ ગાડીના બંને ટાયર અને વ્હીલ પ્લેટ મળી રૂ. ૩૧,૦૦૦નો મુદ્દામાલ ચોરાયો છે. સરધારગામ આનંદનગર ક્વાર્ટરમાં રહેતા અને ડ્રાઇવિંગનો ધંધો કરતા મંગાભાઈ ટીંબાભાઈ ગમારાએ આજીડેમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તારીખ ૨૮/૦૪ના રોજ તેમના પુત્ર ચિરાગે બોલેરો પીકઅપ ગાડી નં. ૠઉં-૦૩-ઈઅ-૨૨૧૮ કાળીપાટ ચોકડીથી આગળ મોમાઈ હોટેલના પાર્કિંગમાં પાર્ક કરી હતી. રાત્રે બે વાગ્યાની આસપાસ ગાડી લેવા જતાં પાછળના બંને ટાયર અને વ્હીલ પ્લેટ ગાયબ હતા અને ગાડી નીચે બેલાના પથ્થરના ટેકા મારેલા હતા. રૂ. ૨૨,૦૦૦ની કિંમતના ૨ ટાયર અને રૂ. ૯,૦૦૦ની કિંમતની વ્હીલ પ્લેટ મળી કુલ રૂ. ૩૧,૦૦૦ની મત્તા ચોરી ગયો હોવાનું સામે આવ્યું છે.

બીજા બનાવમાં જયુંબિલી શાક માર્કેટ પાસે દુકાન બહારથી રમકડાની બાઇકની ચોરી થઈ હતી. કટારીયા ચોકડી પાર્ક સી-૮૦૩માં રહેતા વેપારીએ જયુબિલી શાક માર્કેટ પાસે નાગરીક બેંક ચોક પટણી કોમ્પ્લેક્ષમાં આવેલી પોતાની 'ધ ટોય પેલેસ' નામની રમકડાની દુકાન બહાર ડિસ્પ્લેમાં રાખેલી બેટરીવાળી આર.આર. સ્પોર્ટ્સ બાઇક (બ્લુ કલર) ચોરી થયા અંગે એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તારીખ ૨૧/૦૯ના રોજ રાત્રે આશરે ૯:૦૦ વાગ્યાના સુમારે આશરે રૂ. ૧૦,૦૦૦ની કિંમતની આ રમકડાની બેટરીવાળી બાઇક કોઈ અજ્ઞાત ચોર ઉઠાવી ગયો હતો.

જ્યારે ત્રીજા બનાવમાં વાવડી સામાજિક વનીકરણ નર્સરીમાંથી મોટર અને કેબલ વાયરની ચોરી થઈ છે. વાવડી રોડ પર આવેલા ફોરેસ્ટ ક્વાર્ટરમાં રહેતા અને સામાજિક વનીકરણ રેન્જ રાજકોટની વાવડી નર્સરીમાં ઈન્ચાર્જ ફોરેસ્ટર તરીકે ફરજ બજાવતા પ્રતિષ્ઠાબેન સુરેશગીરી અપારનાથીએ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

તારીખ ૦૬/૦૯ના રોજ નર્સરીમાંથી રૂ. ૮,૪૨૫ની કિંમતનો ૧૪૫ મીટર મોટરનો કેબલ વાયર ચોરાયો હતો. ત્યારબાદ તારીખ ૨૩/૦૯ના રોજ ફરી વખત ૫ એચ.પી.ની પાણીની મોટર અને આશરે સાડા ત્રણસો ફૂટ કેબલ વાયર કિંમત રૂ. ૨૭,૦૦૦ ચોરી થયાનું માલૂમ પડ્યું હતું. આમ, કુલ રૂ. ૩૫,૪૨૫ના મુદ્દામાલની ચોરી અંગે અજ્ઞાત તસ્કર વિરુદ્ધ ગુનો નોંધાયો છેપોલીસે તમામ બનાવો અંગે ગુનો નોંધી અજ્ઞાત ચોર ઇસમોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.



### વારંવાર અલ્ટીમેટમ છતાં વીજબિલ ભરપાઈ ન કરનારા ડિફોલ્ટરો પર વીજ કંપનીની લાલ આંખ

# ૨૦૭ કરોડ વસૂલવા PGVCLનો આકરો કરંટ

## સૌરાષ્ટ્ર-કચ્છના ૪.૩૨ લાખ ગ્રાહકોના કનેક્શન કાપવા 'મેગા ડ્રાઈવ' : ૧૨ સર્કલમાં સપાટો બોલાવાશે, સ્થળ પર પેમેન્ટ સ્વીકારાયા વગર સીધો જ પાવર કટ કરાશે

રાજકોટ, તા. ૨૭

સૌરાષ્ટ્ર અને કચ્છના લાખો વીજગ્રાહકો માટે આવતીકાલનો મંગળવાર ભારે સાબિત થવા જઈ રહ્યો છે. પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા કરોડો રૂપિયાની બાકી વસૂલાત માટે અત્યાર સુધીનો સૌથી મોટો આક્રમક પ્લાન તૈયાર કરી લેવામાં આવ્યો છે. વીજ કંપની તરફથી વારંવાર અલ્ટીમેટમ અને નોટિસો આપવા છતાં રૂ. ૨૦૭ કરોડથી પણ વધુ રકમનું વીજબિલ બાકી રાખનારા સૌરાષ્ટ્ર અને કચ્છના કુલ ૪,૩૨,૮૫૬ ગ્રાહકો સામે કડક કાનૂની અને આકસ્મિક કાર્યવાહીનો તખ્તો તૈયાર કરી દેવાયો છે. કંપનીના વહીવટી તંત્ર દ્વારા આવતીકાલે ૨૯ સપ્ટેમ્બરના રોજ તમામ ૧૨ સર્કલમાં એકસાથે કનેક્શન કાપવાની 'મેગા ડિસકનેક્શન ડ્રાઈવ' શરૂ કરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવતાં જ બાકીદારોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

ઉચ્ચસ્તરીયના ઉચ્ચ વર્તુળો પાસેથી મળતી વિગતો મુજબ, છેલ્લા ૨ મહિનાથી લઈને છેલ્લા ૧ વર્ષ સુધીના સમયગાળા દરમિયાન જે ગ્રાહકોએ આકસ્મિક નોટિસો છતાં વીજબિલની ભરપાઈ કરી નથી, તે તમામ ગ્રાહકો વીજ કંપનીના હિટલિસ્ટ પર આવી ગયા છે. સામાન્ય સંજોગોમાં વીજ કંપની દ્વારા દર બે મહિને નિયમિત ધોરણે વીજબિલ ન ભરતાં ગ્રાહકો સામે ડિસકનેક્શન ડ્રાઇવ યોજવામાં આવતી હોય છે. પરંતુ છેલ્લા છ મહિનાના આંકડાઓ પર નજર કરીએ તો ડિફોલ્ટર ગ્રાહકોની સંખ્યામાં અભૂતપૂર્વ વધારો નોંધાયો છે, જેના કારણે કંપનીની નાણાકીય સ્થિતિ પર પણ વિપરીત અસર પડી રહી હતી. આથી, પરિસ્થિતિ કાબૂ બહાર જાય તે પહેલાં વહીવટી તંત્રે તમામ ૧૨ સર્કલમાં એકસાથે ધાડ પાડવાનું અને જોડાણો કાપી નાખવાનું મન બનાવી લીધું છે.



વિભાગીય આંકડાઓનું વિશ્લેષણ કરતાં માલૂમ પડે છે કે, સમગ્ર સૌરાષ્ટ્ર અને કચ્છ ઝોનમાં બાકીદારી મામલે કચ્છ સર્કલ સૌથી મોખરે છે. કચ્છમાં એકસાથે ૬૩,૦૦૦થી વધુ ગ્રાહકોએ લાંબા સમયથી વીજબિલના નાણાં ભરપાઈ કર્યા નથી. કચ્છ બાદ જામનગર અને સુરેન્દ્રનગર જિલ્લાઓ પણ ડિફોલ્ટરોની યાદીમાં આગળ પડતું સ્થાન ધરાવે છે, જ્યાં અનુક્રમે ૫૦,૦૦૦થી વધુ ગ્રાહકોએ બિલ ન ભરીને વીજ કંપનીની તિજોરીને કરોડોનો ચૂનો લગાવ્યો છે. આ સિવાય રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર સહિતના અન્ય સર્કલોમાં પણ હજારોની સંખ્યામાં બાકીદારો સામે વીજ કંપનીની ટીમો ત્રાટકવાની તૈયારી કરી ચૂકી છે.

આ વખતે યોજાનારી મેગા ડ્રાઈવની સૌથી કડક અને મહત્વની બાબત એ છે કે વીજ કંપની દ્વારા સ્થળ પર કોઈ પણ પ્રકારનું સેટલમેન્ટ કે પેમેન્ટ સ્વીકારવામાં આવશે નહીં. સામાન્ય રીતે ચેકિંગ ટીમ ઘરે કે વેપારી મથકે પહોંચે ત્યારે ગ્રાહકો સ્થળ પર જ બિલ ચૂકવી દેવાની વિનંતી કરતા હોય છે, પરંતુ આ વખતે લાઈનસ્ટાફ અને ચેકિંગ ટીમોને સ્પષ્ટ સૂચના આપી દેવામાં આવી છે કે સ્થળ પર રોકડ કે ચેક સ્વીકાર્યા વગર જ કનેક્શન ડિસકનેક્ટ કરી દેવું. વીજ જોડાણ કપાયા બાદ ગ્રાહકે પૂરેપૂરી બાકી રકમ ઉપરાંત કનેક્શન પુનઃ જોડવાનો રી-કનેક્શન ચાર્જ ભરપાઈ કરવાનો રહેશે, અને તે પછી જ સપ્લાય ચાલુ કરવામાં આવશે. આથી અંધારપટ અને ધંધાકીય નુકસાનથી બચવા માટે વીજ કંપનીએ ગ્રાહકોને તાત્કાલિક ધોરણે ઓનલાઈન માધ્યમથી કે સબ-ડિવિઝનમાં જઈ બિલ ભરી દેવા આખરી તાકીદ કરી છે.

# કોર્પોરેશનના વાહનોમાં 'અંધાધૂંધ' ખર્ચ

## મહિને ૮૧ હજાર લિટર ડીઝલ અને કરોડોનું મેઈન્ટેનન્સ : ઈંધણ, રિપેરિંગ અને સ્પેરપાર્ટ્સના નામે દર વર્ષે મોટો આર્થિક ભ્રષ્ટાચાર કે તંત્રની ઘોર બેદરકારી?

રાજકોટ, તા. ૨૭

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના નાગરિકો પાસેથી વિવિધ વેરા સ્વરૂપે ઉઘરાવવામાં આવતા કરોડો રૂપિયાનો વપરાશ કઈ રીતે થઈ રહ્યો છે તેનો વધુ એક ચોંકાવનારો ખુલાસો થયો છે. મનપાની માલિકીના આશરે ૩૫૦ જેટલાં નાના-મોટાં વાહનોના રિપેરિંગ અને મેઈન્ટેનન્સની કામગીરી સેન્ટ્રલ વર્કશોપ શાખા દ્વારા સંભાળવામાં આવે છે. જોકે, આ વાહનોના ઈંધણ વપરાશ અને વાર્ષિક જાળવણી પાછળ થતો તોતિંગ ખર્ચ હવે સામાન્ય કરદાતાઓના ખિસ્સા પર ભારે બોજ બની રહ્યો છે.

તાજેતરમાં યોજાયેલી મનપાની જનરલ બોર્ડ મિટિંગ દરમિયાન એક જાગૃત કોર્પોરેટર દ્વારા મનપા હસ્તકના વાહનોની સંખ્યા, ડીઝલ-પેટ્રોલનો માસિક તથા વાર્ષિક વપરાશ અને તેના મેઈન્ટેનન્સ પાછળ થતા ખર્ચ અંગે વિગતવાર પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં મનપા તંત્ર દ્વારા જે સત્તાવાર આંકડાકીય વિગતો રજૂ કરવામાં આવી છે, તેણે સૌ કોઈને ચોંકાવી દીધા છે. સત્તાવાર જવાબ અનુસાર વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન મનપાના વાહનોમાં માસિક સરેરાશ ૮૧,૩૪૩ લિટર ડીઝલનો વપરાશ થયો છે, જ્યારે આખા વર્ષ દરમિયાન કુલ ૮,૯૬,૭૧૭ લિટર જેટલું તોતિંગ ડીઝલ બળી ગયું છે! આ સિવાય વાહનોમાં પેટ્રોલનો પણ માસિક સરેરાશ ૨૦૧૧ લિટર જેટલો વપરાશ નોંધાયો છે.

માત્ર ઈંધણ જ નહીં, પરંતુ આ વાહનોની જાળવણી અને સ્પેરપાર્ટ્સના નામે પણ પાણીની જેમ પૈસા વહાવવામાં આવી રહ્યા છે. મનપાના જણાવ્યા મુજબ વાહનોના વાર્ષિક મેઈન્ટેનન્સ પાછળ રૂ. ૧,૫૨,૧૬,૦૨૭ અને સ્પેરપાર્ટ્સની ખરીદી પાછળ વાર્ષિક રૂ. ૧,૨૬,૦૦૦નો જંગી ખર્ચ કરવામાં આવ્યો છે. આ તમામ આંકડાઓનો સરવાળો કરવામાં આવે તો સ્પષ્ટ થાય છે કે રાજકોટ મહાનગરપાલિકાના વાહનો પાછળ દર વર્ષે કરોડો રૂપિયાની મોટી રકમ હોમાઈ રહી છે.

સૌથી ગંભીર અને વિવાદાસ્પદ બાબત એ છે કે વાહનોની ખરીદી, ઈંધણનો દૈનિક વપરાશ અને મેઈન્ટેનન્સના બિલોની ક્યારેય કોઈ નિષ્પક્ષ કે ઊંડાણપૂર્વકની ચકાસણી કે કડક ઓડિટ કરવામાં આવતું નથી. તંત્રની આવી ઘોર ઉપેક્ષાના કારણે જ દર વર્ષે ખર્ચનો આ આંકડો સતત ઊંચો જઈ રહ્યો છે. જો મનપાની અતિ આવશ્યક સેવાઓ જેવાં કે ફાયર બ્રિગેડ કે કચરાના નિકાલના વાહનોને બાદ કરીને ગણતરી કરવામાં આવે, તો સામાન્ય વહીવટી કામગીરી માટે થતો આટલો મોટો તોતિંગ ખર્ચ કોઈપણ હિસાબે ગળે ઉતરે તેમ નથી.

સ્થાનિક સ્તરે ચર્ચાતી વિગતો મુજબ, જો મહાપાલિકા દર વર્ષે માત્ર વાહનોની જાળવણી, રિપેરિંગ અને ઈંધણ પાછળ જ વાર્ષિક રૂ. ૨.૭૮ કરોડ જેવો જંગી ખર્ચ કરી નાખતી હોય, તો આટલી મોટી રકમમાંથી તો મનપા પોતાનું એક અત્યાધુનિક ઓટોમેટિક વર્કશોપ અને સર્વિસ સ્ટેશન પણ બનાવી શકે તેમ છે. આમ છતાં ખાનગી એજન્સીઓ કે ગેરેજોને ફાયદો કરાવવા માટે આટલો મોટો ખર્ચ બહાર કરાવવામાં આવી રહ્યો છે કે કેમ તે બાબતે અનેક શંકાઓ ઉપજી રહી છે. પ્રજાના પરસેવાની કમાણીમાંથી થતા આ આંધળા ખર્ચ સામે તંત્ર હવે કડક તપાસ સમિતિ નીમશે કે પછી કાગળ પર આંકડાકીય માયાજાળ રચીને સમગ્ર બાબત પર પરદો પાડી દેવાશે, તે જોવું રહ્યું.



### હવે જો પગલા નહી લેવાય તો....

# રાજકોટ-સૌરાષ્ટ્રનું શૈક્ષણિક પતન

## હોનહાર વિદ્યાર્થીઓની કારકિર્દી દાવ પર : સરકારી તપાસ માત્ર કાગળ પરની ચમક-ધમક?



રાજકોટ, તા. ૨૭

સૌરાષ્ટ્રનું શૈક્ષણિક પાટનગર ગણાતું રાજકોટ આજે એક અત્યંત વિચિત્ર, ચિંતાજનક અને ગંભીર મોડ પર આવીને ઊભું રહ્યું છે. જે ભૂમિએ ક્યારેક દેશને મહાન ચિંતકો, સંશોધકો, પ્રોફેસરો અને ઉચ્ચ કોટિના સિવિલ અધિકારીઓ આપ્યા, તે જ ધરા પર આજે 'ડમી સ્કૂલ' જેવા ગંભીર દૂષણો પોતાના કાળા હાથ ફેલાવી ચૂક્યા છે. શિક્ષણનું સ્તર દિવસ-રાત નીચે ગગડી રહ્યું છે અને વાલીઓના લાખો રૂપિયા હોમાયા પછી પણ વિદ્યાર્થીઓની કારકિર્દી સામે એક વિશાળ પ્રશ્નાર્થચિહ્ન મુકાઈ ગયું છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં રાજકોટ અને સમગ્ર સૌરાષ્ટ્રમાં 'ડમી સ્કૂલ'નું દૂષણ વટવૃક્ષ બનીને ઉભરી આવ્યું છે. માત્ર સવારથી સાંજ જુદા જુદા પ્રાઈવેટ કોચિંગ ક્લાસમાં જઈને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓને સ્કૂલે એકપણ દિવસ આવ્યા વિના જ કાગળ પર હાજરી પૂરી આપવાની આ વહીવટી ગોઠવણે શિક્ષણના મૂળભૂત માળખાના ધજાગરા ઉડાડી દીધા છે. શાળાના વર્ગખંડો ખાલીખમ પડ્યા રહે છે, પરંતુ સંચાલકોની ફીની તિજોરીઓ છલકાઈ રહી છે. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણની ગુણવત્તાનું ખુલ્લેઆમ ગળું ટૂંપાઈ રહ્યું છે. આ નીતિ-મૂલ્યો વગરનું માળખું ભવિષ્યના નાગરિકોને શિસ્ત, વ્યાવહારિક જ્ઞાન અને વિષયના પાયાના સિદ્ધાંતોથી સાવ વંચિત રાખી રહ્યું છે.

આ સમગ્ર કાળી રમત સામે જ્યારે પણ વાલીઓ, સામાજિક સંગઠનો કે જાગૃત નાગરિકો દ્વારા સવાલો ઉઠાવવામાં આવે છે અથવા શિક્ષણ વિભાગને રજૂઆતો કરાય છે, ત્યારે સરકારી વહીવટી તંત્ર દ્વારા ''તપાસ હાથ ધરવામાં આવી છે અને કડક કાર્યવાહી થશે'' તેવું એક પેટન્ટ નિવેદન આપી દેવાય છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે આ તપાસ માત્ર શોભાના ગાંઠિયા સમાન અને કાગળ પરની ચમક-ધમક બનીને રહી જાય છે. મોટા ગજાના સંચાલકો અને વગદાર શિક્ષણ માફિયાઓને બચાવવા માટે તપાસની ફાઈલો સરકારી દફતરોમાં ધૂળ ખાતી કરી દેવાય છે. શિક્ષણ વિભાગના જવાબદાર અધિકારીઓની નીતિવિષયક કમ્ફર્ટ અને રહેમનજર વગર આવું કરોડો રૂપિયાનું નેટવર્ક ચાલવું અશક્ય છે તેવો આક્ષેપ હવે જાહેર ચોકે થઈ રહ્યો છે. માત્ર કાગળ પર નોટિસો ફટકારીને કે ઓચિંતી બે-ચાર વિઝિટો બતાવીને સમગ્ર મામલો ઠંડો પાડી દેવામાં આવે છે.

આ સમગ્ર ગોરખધંધાનો ભોગ આખરે તો નિર્દોષ વિદ્યાર્થીઓ અને પોતાની પરસેવાની કમાણી કે દેવું કરીને પણ સંતાનોને ભણાવતા લાચાર વાલીઓ બની રહ્યા છે. ગોળજીભે વચનો આપતી વિજ્ઞાપનો અને સ્પર્ધાત્મક યુગમાં શોર્ટકટ અપનાવવાની આ આંધળી હોડમાં વિદ્યાર્થીઓ માનસિક તણાવ અને પાયાના જ્ઞાનના અભાવ વચ્ચે ફસાઈ જાય છે. જ્યારે આગળ જતાં ઉચ્ચ અભ્યાસક્રમો કે નેશનલ લેવલની સંસ્થાઓમાં ખરેખર વિષય જ્ઞાનની જરૂર પડે છે ત્યારે પાયો કાચો હોવાના કારણે આ વિદ્યાર્થીઓ પાછળ રહી જાય છે. વાલીઓ લાખો રૂપિયા હોમી દેવા છતાં પોતાના બાળકોનું ભવિષ્ય સલામત જોઈ શકતા નથી.

રાજકોટ અને સૌરાષ્ટ્રનું શિક્ષણ જો આ જ ગતિએ ગગડતું રહેશે, તો આગામી સમયમાં આ ભૂમિ પરથી માત્ર ''ડિગ્રીધારીઓ'' નો જથ્થો બહાર આવશે, ગુણવત્તાસભર ''જ્ઞાનીઓ'' નહીં. સરકારે હવે તપાસના નામે ચાલતો ડ્રામા તાત્કાલિક બંધ કરીને કઠોર વહીવટી ઈચ્છાશક્તિ દર્શાવવી પડશે. ડમી સ્કૂલો ચલાવતા સંચાલકો સામે ફોજદારી ગુના નોંધવા, આવી શાળાઓની માન્યતા કાયમી ધોરણે રદ કરવી અને તેમને છાવરતા અધિકારીઓ સામે આકરા પગલાં લેવા એ સમયની માંગ છે. જો અત્યારે આ દૂષણ પર આકરી કાર્યવાહી નહીં થાય, તો સૌરાષ્ટ્રનો યુવાવર્ગ કારકિર્દીના એવા અંધકારમાં ધકેલાઈ જશે જ્યાંથી પાછા ફરવાનો કોઈ માર્ગ રહેશે નહીં.

### વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક ભવિષ્ય પર પડતી ગંભીર અસરો

શાળાજીવન દરમિયાન મળતા સામાજિક મૂલ્યો, શિસ્ત અને ટીમવર્કથી વિદ્યાર્થી સંપૂર્ણપણે વંચિત રહે છે. કોચિંગના અતિશય બોજ અને શાળાના રેગ્યુલર વાતાવરણના અભાવે યુવાવર્ગમાં ડિપ્રેશનનું પ્રમાણ વધ્યું છે.માત્ર કાગળ પર માર્ક્સ મેળવનાર યુવાનો ગ્લોબલ કમ્પિટિશનમાં ટકી શકતા નથી. લાખો રૂપિયા કમાતા સંચાલકોને માત્ર નાનકડો દંડ ફટકારીને મામલો રફેદફે કરી દેવાય છે. દરોડા કે તપાસ પહેલાં જ સંચાલકોને જાણ થઈ જતી હોવાથી કાગળો અગાઉથી જ સીધા-દોર કરી લેવાય છે. ગંભીર ગેરરીતિઓ ઝડપાયા પછી પણ ભાગ્યે જ કોઈ શાળાનું લાયસન્સ કે માન્યતા કાયમી ધોરણે રદ કરવામાં આવે છે.

### વિપક્ષનો વિરોધ અસરકારક નહીં

સૌરાષ્ટ્રમાં ડમી સ્કૂલો અને શિક્ષણના ધજાગરા ઊડી રહ્યા છે ત્યારે શાસક પક્ષને ઘેરવામાં વિપક્ષ પણ તદ્દન નિષ્ફળ નીવડ્યો છે. માત્ર છૂટાછવાયા નિવેદનો આપવા કે રાજકીય માઈલેજ ખાતર એકાદ આવેદનપત્ર આપીને સંતોષ માની લેતા વિપક્ષી નેતાઓ ક્યારેય રસ્તા પર ઉતરીને નક્કર આંદોલન ઊભું કરી શક્યા નથી. વાલીઓ અને વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે રમત રમાઈ રહી હોવા છતાં, વિપક્ષનો વિરોધ માત્ર પ્રેસનોટ પૂરતો જ મર્યાદિત રહ્યો છે. પરિણામે, મજબૂત અને ધારદાર વિરોધના અભાવે સરકારી તંત્ર અને શિક્ષણ માફિયાઓ બેફામ બન્યા છે અને કોઈને કાયદાનો કે જનતાના આક્રોશનો ડર રહ્યો નથી.